RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 31-08-2026 I VOL : 12 I Issue : 166 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

જે કરે છે
તે જ શીખે છે.
ક્યારેય આશા
છોડશો નહીં.

3  વારકાની પવિત્ર ધરતી પરથી આપ નેતા જિગીષા પટેલના સરકાર પર આકરા પ્રહારો

4  સંબંધોની પેલે પાર: સાચો પ્રેમ અંતરથી નહીં, પરમ અહેસાસથી જીવાય છે

6  સ્પેનની ગલીઓમાં નોરા ફતેહીનો રીલેક્સ મૂડ! તસવીરો સામે આવતા..

7  રોજર ફેડરર ટેનિસ હૉલ ઑફ ફેમમાં સામેલ:સ્પીચ આપતી વખતે રડી ..


### આંતરરાષ્ટ્રીય મંચ પરથી RSS વડા મોહન ભાગવતનું મોટું નિવેદન

# મુસ્લિમોને ભારતમાંથી કાઢવા એ હિંદુત્વ નથી: ભાગવત

## અમેરિકાના ન્યૂયોર્કમાં યોજાયેલા ‘વન વર્લ્ડ, વન હ્યુમેનિટી’ કાર્યક્રમમાં મોહન ભાગવતે વિશ્વ શાંતિ, હિંદુત્વની ખરી વ્યાખ્યા અને સર્વધર્મ સંભાવ પર આપ્યું પ્રેરણાદાયી વક્તવ્ય

**ન્યૂયોર્ક**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના સરસંઘચાલક મોહન ભાગવતે અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં યોજાયેલા ‘વન વર્લ્ડ, વન હ્યુમેનિટી’ (એક વિશ્વ, એક માનવતા) આંતરરાષ્ટ્રીય સંમેલનમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને સનસનાટીભર્યું નિવેદન આપ્યું છે. તેમણે હિંદુત્વના સાચા સ્વરૂપને વિશ્વ સમક્ષ મૂકતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ‘જો કોઈ હિંદુ એવું માનતો હોય કે ભારતમાં મુસ્લિમો માટે કોઈ સ્થાન નથી અથવા મુસ્લિમોને દેશમાંથી બહાર કાઢી મૂકવા જોઈએ, તો તે વ્યક્તિ ખરા અર્થમાં હિંદુ જ નથી.‘ મુસ્લિમ સમુદાયના આશંકાઓ પર મોહન ભાગવતનો સણસણતો જવાબ આંતરરાષ્ટ્રીય મંચ પરથી જૂની વાતો અને આશંકાઓને યાદ કરતા આરએસએસ પ્રમુખે કહ્યું કે, ‘જ્યારે હિંદુ રાષ્ટ્રની વાત આવે છે ત્યારે ઘણા મુસ્લિમ ભાઈઓ સવાલ પૂછે છે



કે શું હિંદુ રાષ્ટ્રમાં અમારે માટે જગ્યા નથી? પરંતુ અમારો જવાબ સ્પષ્ટ છે - હિંદુત્વ ક્યારેય કોઈને બહાર કરવાનો આદેશ આપતું નથી. તમામ ધર્મો અને પંથોને સાથે લઈને ચાલવું એ જ ભારતીય સંસ્કૃતિ અને હિંદુત્વની સાચી ઓળખ છે.‘ ‘ધર્મ અલગ હોઈ શકે, પણ માનવતા એક છે; બધા રસ્તા એક જ ઈશ્વર તરફ જાય છે’

સરસંઘચાલકે વિગતવાર સમજાવતા કહ્યું કે, પૂજા-પદ્ધતિ અને ધાર્મિક રીત-રિવાજો અલગ અલગ હોઈ શકે છે, પરંતુ અંતે દરેક ધર્મ અને દરેક રસ્તો એક જ ઈશ્વરીય સત્ય તરફ જાય છે.


## 'વિદેશમાં સારી સારી વાતો અને દેશમાં મૌન...'

### મોહન ભાગવતના નિવેદન પર વિપક્ષ આક્રમક

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પ્રમુખ મોહન ભાગવતના અમેરિકામાં આપવામાં આવેલા ‘વિવિધતામાં એકતા’ વાળા નિવેદન પર રાજકીય પ્રતિક્રિયાઓ સામે આવી છે. મોહન ભાગવતે કહ્યું હતું કે જો કોઈ હિન્દુ એવું વિચારે છે કે ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવો જોઈએ, તો તે પોતે પણ હિન્દુ રહેશે નહીં. જેના પર રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે રવિવારે ભાગવતના નિવેદન પર નિશાન સાધતા કહ્યું કે માત્ર શબ્દો મહત્વ નથી ધરાવતા, પરંતુ કામ પણ દેખાવું જોઈએ. કપિલ સિ્બલે સોશિયલ મીડિયા પર ભાગવતના નિવેદનને લઈને લખ્યું- ન્યૂયોર્કમાં ભાગવતે કહ્યું- વિવિધતા આપણી મૂળ એકતાનો શણગાર છે. તેની રક્ષા થવી જોઈએ. વિદેશમાં સમજદારીભરી વાતો, પરંતુ ઘરમાં ચૂપકીદી.

## એક નજર...

### બોડીકોન ગાઉનમાં નિક્કી તંબોલીએ ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



અભિનેત્રી નિક્કી તંબોલી જ્યારથી ટીવીના લોકપ્રિય રિયાલિટી શો બિગ બોસની સિઝન 14માં જોવા મળી ત્યારથી તે હેડલાઈનમાં રહે છે. નિક્કી તંબોલી ખાસ કરીને તેના બોલ્ડ એક્ટ માટે હેડલાઈન્સમાં રહે છે. સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહેતી નિક્કી તંબોલી અવારનવાર પોતાના બોલ્ડ ફોટા શેર કરતી રહે છે.

## 'વન નેશન, વન ટાઈમ': કેન્દ્ર સરકારનો નવો નિયમ

### હવે તમામ બેંકો, ટેલિકોમ કંપનીઓ અને સરકારી વિભાગોએ પોતાના સર્વરનો સમય વિદેશી GPSને બદલે ભારતના IST સાથે જ રાખવો પડશે

**નવી દિલ્હી**

ધારો કે તમે સવારે 8:15 વાગ્યે ઓફિસ જવા માટે ઓટો-રિક્ષાનું ભાડું UPIથી ચૂકવો છો. બપોરે 1 વાગ્યે ટ્રેનની ટિકિટ બુક કરો છો અને સાંજે 4 વાગ્યે શેરબજારના આંકડા જુઓ છો. આ બધી ક્રિયા દરમિયાન તમારા મોબાઈલ અને ઘડિયાળમાં સમય એકસરખો જ દેખાય છે. પરંતુ આ બધાં કામ પાછળ જે બેંક, રેલવે કે અન્ય સિસ્ટમના સર્વર કામ કરે છે, તેમાં સમય થોડો અલગ હોઈ શકે છે. જોકે, તમને એની ખબર નથી પડતી. અલબત્ત, ડિજિટલ વ્યવહારમાં એક



સેકન્ડ કે મિલિસેકન્ડનો પણ તફાવત મહત્ત્વનો હોય છે. સમયનો નાનો તફાવત પણ ક્યારેક ઓનલાઈન ટ્રાન્ઝેક્શન નિષ્ફળ થવાનું કારણ બની શકે છે. આવી સમસ્યાઓ દૂર કરવા અને દેશની ડિજિટલ સુરક્ષા વધુ મજબૂત બનાવવા માટે ભારત સરકારે ’એક રાષ્ટ્ર, એક સમય’ (One Nation, One Time) નીતિ જાહેર કરી છે. ભારતમાં પહેલેથી જ તમામ રાજ્યો માટે એક જ પ્રમાણભૂત સમય છે, જેને IST (Indian Standard Time) કહેવામાં આવે છે. એટલે આ નવી નીતિ લાગુ કરવાથી સામાન્ય લોકોને પોતાની ઘડિયાળ કે મોબાઈલનો સમય બદલવાની કોઈ જરૂર નથી.

## FIR કરવાની માંગ કરનાર રાહુલ ગાંધી સામે જ ફરિયાદ

**હલ્દ્વાની**

ઉત્તરાખંડના હલ્દ્વાની જિલ્લામાં શ્રી રામ સેનાના અમિત કુમારે 30 ઓગસ્ટે લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સામે કોતવાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અમિત કુમારે આરોપ લગાવ્યો છે કે રાહુલ ગાંધીએ તેમના વિરુદ્ધ જાતિસૂચક શબ્દોનો ઉપયોગ કર્યો છે, તેથી રાહુલ ગાંધી સામે FIR દાખલ થવી જોઈએ. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, શુદ્ધિકરણ કરવું એ SC/ST એક્ટ હેઠળ ગુનાહિત કૃત્ય છે અને જેમણે પણ આવું કર્યું છે તેમની સામે તાત્કાલિક FIR થવી જોઈએ. હલ્દ્વાની જિલ્લા પોલીસનું કહેવું છે કે, આ મામલે હજુ સુધી કોઈ FIR દાખલ કરવામાં આવી નથી. હાલમાં પોલીસ શ્રી રામ સેનાના અમિત કુમાર દ્વારા આપવામાં આવેલી ફરિયાદની તપાસ કરી રહી છે.

### મન કી બાતનો 137મો એપિસોડ પ્રસારિત થયો

## યુવાનો નશા મુક્તિ જાગૃતિ સંબંધિત કન્ટેન્ટ બનાવે

**નવી દિલ્હી**

મન કી બાતનો 137મો એપિસોડ પ્રસારિત થયો. પીએમએ કહ્યું કે મન કી બાત નવા પ્રયાસોને સામે લાવવાનું મંચ છે. મને સોશિયલ મીડિયા દ્વારા એક વેબસાઈટ મળી, જ્યાં કોઈ પણ એક વર્ષ પસંદ કરવા પર તમને સરળતાથી જાણવા મળશે કે તે સમયે ભારતના કયા ભાગ પર કોનું શાસન હતું. આ વેબસાઈટનું નામ www.bharatrajya.com છે. પીએમએ યુવાનોને નશામુક્ત ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા અપીલ કરી. તેમણે યુવાનોને નશામુક્તિ જાગૃતિ સંબંધિત કન્ટેન્ટ બનાવવા જણાવ્યું. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે ઓગસ્ટ મહિનો દેશભક્તિના રંગોથી ભરેલો રહે છે. ’વંદે માતરમ્’ના 150 વર્ષ પૂરા થવાથી આ વર્ષ વધુ ખાસ બની ગયું છે. આ વખતે 8 કરોડથી વધુ તિરંગા સેલ્ફી અપલોડ કરવામાં આવી અને ’સૂર્યપથ તિરંગા’ દ્વારા ફિજીથી લઈને દુનિયાભરમાં તિરંગો શાનથી ફરકાવવામાં આવ્યો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશમાં એવોકાડોની માંગ ઝડપથી વધી રહી છે અને ખેડૂતો તેની ખેતી કરીને શાનદાર કમાણી કરી રહ્યા છે.



## PM મોદીને ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન

**બિશકેક**

ઉઝબેકિસ્તાનની મુલાકાતે ગયેલા પીએમ મોદીને રવિવારે રાષ્ટ્રપતિ શાવકત મિર્ઝિયોયેવે તેમના દેશના સર્વોચ્ચ રાજ્ય સન્માન ઓલી દારાજલી ડસ્ટલિકથી સન્માનિત કર્યા. આ પીએમ મોદીને મળેલું 36મું આંતરરાષ્ટ્રીય સન્માન છે. ઉઝબેકિસ્તાનના પ્રવાસે ગયેલા પીએમ મોદી અને રાષ્ટ્રપતિ શાવકત મિર્ઝિયોયેવ વચ્ચે રવિવારે તાશ્કંદમાં દ્વિપક્ષીય બેઠક યોજાઈ. પીએમ મોદીએ ઉઝબેકિસ્તાનની આઝાદીની 35મી વર્ષગાંઠ પર રાષ્ટ્રપતિ અને દેશના લોકોને અભિનંદન પાઠવ્યા છે. વડાપ્રધાન મોદીને ઉઝબેકિસ્તાનના સર્વોચ્ચ સન્માનથી પણ નવાજવામાં આવ્યા છે. બેઠકમાં ભારત-ઉઝબેકિસ્તાન વચ્ચે યુરેનિયમ સપ્લાય પર ચર્ચા થઈ.

## NEWS TRACK

### દુકાન પર લગાવેલા ચાઈનીઝ કેમેરાથી પાકિસ્તાનને LIVE ફીડ, ભારતમાં જાસૂસી નેટવર્કનો પર્દાફાશ

પંજાબના લુધિયાણામાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI માટે જાસૂસી કરવાના આરોપમાં 22 વર્ષના એક દુકાનદારની ધરપકડ કરવામાં આવી છે. આરોપી બજારમાં જૂતાની દુકાન ચલાવતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, તે દુકાનની આડમાં રહીને શહેરની તમામ હિલચાલ અને પ્રવૃત્તિઓની માહિતી પાકિસ્તાન મોકલતો હતો. મેડ ઈન ચાઈના કેમેરાથી પાકિસ્તાનને લાઈવ ફીડ આરોપીએ દુકાનની બહાર લગાવેલા મેડ ઈન ચાઈના સીસીટીવી કેમેરાનું લાઈવ ફીડ પાકિસ્તાની એજન્સીઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યું હતું. પોલીસને મળેલી બાતમીના આધારે છટકું ગોઠવીને તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે તે અલગ-અલગ મોબાઈલ નંબરો પરથી ધમકીઓ પણ આપતો હતો. પોલીસને આશંકા છે કે આ જાસૂસી પાછળ પાકિસ્તાની એજન્સીઓનું લુધિયાણામાં કોઈ મોટી ઘટનાને અંજામ આપવાનું ષડયંત્ર હતું. આ સાથે જ સૈન્ય ગતિવિધિઓ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ માહિતી પણ આ નેટવર્ક સુધી પહોંચાડવામાં આવી રહી હતી.

### રશિયાનો યુક્રેન પર ભીષણ હુમલો, 37નાં મોત, અનેક ઘાયલ: 50થી વધુ ઇમારતોનો નાશ

રશિયા દ્વારા યુક્રેનની રાજધાની કિવ નજીક ફરી હુમલો કરવામાં આવ્યો હતો. જેને પગલે આ હુમલામાં કુલ 37 લોકો માર્યા ગયા છે. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. સ્થાનિક સૈન્ય અધિકારીએ કહ્યું હતું કે રશિયાના આ હુમલામાં યુક્રેનની 50 રહેણાંક ઈમારતોને ભારે નુકસાન થયું છે. એટલુ જ નહીં આગ લાગવાથી અનેક મકાનો અને રેસ્ટોરન્ટ તેની લપેટમાં આવી ગયા હતા. યુક્રેનના પ્રમુખ વોલોડીમર ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે આ હુમલો રાજધાની કિવની નજીક બુચા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારના એક વેરહાઉસમાં આગ લાગી હતી. આ વિસ્તારમાંથી આશરે 370 જેટલા લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવ્યા છે. તાજેતરમાં યુક્રેનની રાજધાની કિવ પર કે તેની આસપાસ રશિયાએ હુમલા વધારી દીધા છે. આ હુમલા મુખ્યત્વે યુક્રેનને આર્થિક રીતે નુકસાન થાય તે રીતે કરવામાં આવી રહ્યા છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ વધુમાં કહ્યું હતું કે રશિયાએ દિવ્યાંગોના કેર હોમને પણ નિશાન બનાવ્યું જેને કારણે આ કેર હોમ પણ નાશ પામ્યું છે.

### લાખોની લૂંટ ચલાવતી મેડિકલ માફિયાની ખુલ્લી દાદાગીરી

# અનંતા હોસ્પિટલ એટલે મોતની સોદાગર!

## નિકોલની મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં એક્સપાયરી ડેટની દવાઓ અને ખોટા વેન્ટિલેટર આપી નિવૃત્ત PSIને મારી નંખાયા

**અમદાવાદ**

જે હોસ્પિટલને દર્દીઓ અને તેમના પરિવારો ’દેવદૂત’ સમજે છે, તે જ હોસ્પિટલ હવે ’મોતનો અડ્ડો’ અને ’સફેદ કોટધારી કસાઈઓ’નું કેન્દ્ર બની ગઈ છે. અમદાવાદના નિકોલ વિસ્તારની સૌથી મોટી ગણાતી અનંતા હોસ્પિટલ (Ananta Hospital) માંથી એક એવો સનસનાટીભર્યો અને કાળજું કંપાવી દેનારો કિસ્સો સામે આવ્યો છે, જેણે સમગ્ર ગુજરાતના મેડિકલ જગત અને પ્રશાસનને હચમચાવી મૂક્યું છે.

ખાખી વર્દી પહેરીને આખી જીંદગી જનતાની સુરક્ષા કરનારા નિવૃત્ત PSI પણ આ મેડિકલ માફિયાઓની ક્રૂરતાનો ભોગ બન્યા છે.

### જીવ બચાવવા ગયા અને કાળના મુખમાં ધકેલાયા!

નિવૃત્ત PSIને સારવાર અર્થે નિકોલની




અનંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ હોસ્પિટલના તબીબો અને સંચાલકો માટે દર્દીનો જીવ નહીં, પણ તેના સગાના ખિસ્સામાંથી નીકળતા લાખો રૂપિયા જ મુખ્ય લક્ષ્ય હતા.

એક્સપાયરી ડેટની દવાઓનો વપરાશ: દર્દીને સાજા કરવાના નામે તારીખ વિતી ગયેલી (Expired) અને જોખમી દવાઓ આપવામાં આવી.

ડર બતાવી સાઈન કરાવી: દર્દીના પરિવારજનોને ગભરાવીને અને ઈમોશનલ બ્લેકમેલ કરીને કાગળો પર સહીઓ કરાવી લેવાઈ.

અનાવશ્યક વેન્ટિલેટર: દર્દીને ખોટી રીતે અને બિનજરૂરી વેન્ટિલેટર પર ચડાવી દેવામાં આવ્યા, જેથી દિવસના લાખો રૂપિયાનું બિલ બનાવી શકાય.

પરિણામ એ આવ્યું કે ખોટી સારવાર અને લાલચુ ડોક્ટરોની બેદરકારીના કારણે નિવૃત્ત PSIએ હોસ્પિટલના ખાટલા પર જ પોતાના અંતિમ શ્વાસ લીધા.

### પોલીસ અધિકારી સાથે આ હદની દગાખોરી, તો સામાન્ય માણસનું શું?

સૌથી મોટો અને સળગતો સવાલ એ છે કે જે વ્યક્તિ પોતે પોલીસ વિભાગમાં રહી ચૂક્યા છે, જેમની પાસે કાયદા અને નિયમોનું જ્ઞાન હતું, તેમના પરિવાર સાથે જો આવી ખુલ્લેઆમ ઠગાઈ અને દર્દીની હત્યા સમાન બેદરકારી દાખવવામાં આવતી હોય, તો રોજબરોજ આવતા સામાન્ય અને ગરીબ માણસની આ હોસ્પિટલમાં શું હાલત થતી હશે? શું અનંતા હોસ્પિટલ માત્ર દર્દીઓને લૂંટવા અને મારવા માટે જ ખુલ્લી રખાઈ છે?

### લાખો રૂપિયા પડાવ્યા, પણ જીવ ન બચાવ્યો!

સારવારના નામે પરિજનો પાસેથી લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા. પૈસા પણ ગયા અને ઘરનો આધારસ્તંભ પણ છીનવાઈ ગયો. પરિવારનો આક્ષેપ છે કે આ માત્ર બેદરકારી નથી, પરંતુ પૈસાની લાલચમાં કરવામાં આવેલું મોતનું ષડયંત્ર છે.

આ ઘટના બાદ સમગ્ર અમદાવાદમાં અનંતા હોસ્પિટલ સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. આ કસાઈ ડોક્ટરો સામે કડકમાં કડક ગુનો નોંધીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે અને હોસ્પિટલનું લાયસન્સ તાત્કાલિક રદ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# મસાલા માફિયાઓ સામે FSSAI નો મોટો ધડાકો: 'એવરેસ્ટ' અને 'લાલજી ગોધૂ' હીંગના વેચાણ પર તાત્કાલિક પ્રતિબંધ!

ગાંધીનગર

ભારતમાં કરોડો લોકોની રસોઈમાં દરરોજ વપરાતા મસાલા ક્ષેત્રની જાણીતી બ્રાન્ડ્સ સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ લાલ આંખ કરી છે. મસાલા ક્ષેત્રની પ્રખ્યાત કંપની 'એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ' (Everest Food Products) ની કમ્પાઉન્ડેડ હીંગ (Hing Powder) ના વેચાણ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. FSSAI દ્વારા લેબોરેટરીમાં કરાયેલી સઘન તપાસ દરમિયાન એવરેસ્ટની હીંગના સેમ્પલ ગુણવત્તાના નિર્ધારિત માપદંડો પર તદ્દન નિષ્ફળ સાબિત થયા હતા. સરકારી નિયમો મુજબ હીંગમાં ઓછામાં ઓછું ૫ ટકા આલ્કોહોલ-સોલ્યુબલ એક્સ્ટ્રેક્ટ હોવું અનિવાર્ય છે, પરંતુ તપાસમાં એવરેસ્ટના સેમ્પલમાં તેનું પ્રમાણ શૂન્યથી માંડીને માત્ર ૩.૨૯ ટકાથી ૪.૪ ટકા જ મળી આવ્યું હતું! આ ઉપરાંત પ્રોડક્ટનું લેબલિંગ પણ ખામીયુક્ત અને ગ્રાહકોને ભ્રમિત કરે તેવું માલૂમ પડ્યું હતું. આ જ કડક તપાસ ઝુંબેશ અંતર્ગત FSSAI એ અન્ય જાણીતી બ્રાન્ડ 'લાલજી ગોધૂ' (Laljee Godhoo) ની હીંગ પર પણ ગુણવત્તાના અભાવ અને ભેળસેળના વિષયને લઈને પ્રતિબંધિત આદેશ જારી કર્યા છે. તંત્રના આ પગલાથી ખાદ્યબજારમાં ભારે ધ્રુજારી વ્યાપી ગઈ છે. તંત્ર દ્વારા આ પ્રતિબંધ માત્ર હીંગ પાઉડરના ઉત્પાદનો પૂરતો સીમિત રાખવામાં આવ્યો છે, જેને લઈને હવે પ્રબુદ્ધ નાગરિકો અને ગ્રાહક સુરક્ષા મંડળોમાં સણસણતા સવાલો ઊભા થઈ રહ્યા છે. મોટા ભાગની ફૂડ બ્રાન્ડ્સ પોતાના ઉત્પાદનોમાં કાયદાથી પ્રતિબંધિત એવા હલકા અને કેન્સરજનક પ્લાસ્ટિકનું પેકિંગ કરે છે.

## ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવી આ જુઓ તમારી પાર્ટીના કારનામા!

# દારૂબંધીના દાવાઓ વચ્ચે વલસાડમાં ભાજપના જ નેતાઓ નીકળ્યા દેશી દારૂના 'સૌદાગર'

### સરપંચ અને ભાજપ લઘુમતી મોરચાના હોદ્દેદાર જ ચલાવતા હતા દારૂનો કાળો કારોબાર: ગાંધીના ગુજરાતમાં ભાજપ સરકારના હોદ્દેદારો જ કાયદાના ધજાગરા ઉડાડતા રંગેહાથ ઝડપાયા

વલસાડ

ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ કરાવવાના મોટી મોટી ડંફાસો મારતી ભાજપ સરકારના દાવાઓની હોળી વલસાડમાં જળહળતી સળગી ગઈ છે. વલસાડમાંથી એક એવો સનસનાટીભર્યો અને શરમજનક કિસ્સો સામે આવ્યો છે, જેણે સીધા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના 'ઝીરો ટોલરન્સ'ના પોકળ દાવાઓની પોલ ખોલી નાખી છે. વલસાડમાં બીજું કોઈ નહીં, પરંતુ ખુદ સત્તાધારી પક્ષ ભાજપના જ જવાબદાર નેતાઓ દેશી દારૂના અડ્ડા ચલાવતા રંગેહાથ પકડાઈ જતાં સમગ્ર રાજ્યના રાજકારણમાં ભયંકર ખળભળાટ મચ્યો છે.

એક સરપંચ તો બીજો ભાજપ લઘુમતી મોરચાનો હોદ્દેદાર: ભાઈ ભાઈ! ખાખી અને ખાદીની



મિલીભગત? વલસાડમાં પડેલી પોલીસ રેડમાં જે ચોંકાવનારો ખુલાસો થયો છે તે સાંભળીને જનતા પણ દંગ રહી ગઈ છે.

દારૂનો અડ્ડો ચલાવનારા મુખ્ય સૂત્રધારોમાં એક સ્થાનિક સરપંચ છે અને બીજો ભાજપ લઘુમતી મોરચાનો જવાબદાર પ્રમુખ/હોદ્દેદાર હોવાનું સામે આવ્યું છે! શાસક પક્ષના ઓટલે બેસીને સમાજને સુધારવાની અને કાયદાનું પાલન કરાવવાની વાતો કરતા આ નેતાઓ પાછળના બારણેથી ઝેરી દારૂનો કાળો કારોબાર ચલાવીને જનતાના આરોગ્ય અને કાયદા સાથે ખેલ ખેલતા હતા.

અન્ય રાજ્યો કે વિપક્ષો પર આંગળી ચિંધતા ગૃહમંત્રી હર્ષ સંઘવી અને સી એમ ભૂપેન્દ્ર પટેલને જનતા આજે સીધો સવાલ પૂછી રહી છે:

સવાલ ૧: શું ભાજપના નેતાઓ માટે દારૂબંધીનો કાયદો લાગુ નથી પડતો? શું સત્તાના નશામાં નેતાઓને દારૂ વેચવાની ખુલ્લી છૂટ આપી દેવાઈ છે?

સવાલ ૨: જે ભાજપ સરકાર રાજ્યમાં દારૂબંધીના નામે મોટી મોટી વાતો કરે છે, તેના જ પોતાના સંગઠનના હોદ્દેદારો દારૂના બુટલેગર નીકળે ત્યારે સીઆર પાટીલ અને પ્રદેશ નેતાગીરી કેમ મૌન ધારણ કરી લે છે?

સવાલ ૩: શું હપ્તાખોરી અને ભાજપના નેતાઓના આકાઓના આશીર્વાદ વગર આટલા મોટા પાયે દારૂના અડ્ડા ચાલવા શક્ય છે?

પ્રજાના ટેક્સના પૈસા અને સત્તાનો દુરુપયોગ: કડક પગલાં ભરાશે કે માત્ર કાગળ પર સસ્પેન્શન?

ગાંધીના ગુજરાતને કળંકિત કરનારા આ ભાજપી નેતાઓ સામે શું પોલીસ માત્ર નામમાત્રની એફ. આઈ.આર. નોંધીને કેસ રફેદફે કરી દેશે, કે પછી ખરેખર બુટલેગરી કરતા આ નેતાઓ સામે પાસા (PASA) હેઠળ જેલહવાલે કરવાની હિંમત દાખવશે? સત્તાના ઓતરા તળે ચાલતા આ કાળા કારોબારને લઈને હવે વલસાડ જ નહીં પરંતુ સુરત, નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતની જનતામાં ભાજપ સરકારની બેવડી નીતિ સામે ભારે રોષ વ્યાપી ગયો છે.

# વિશ્વાસે વહાણ ચાલે... પણ રાજકોટમાં વિશ્વાસઘાતનો મોટો ખેલ! દુબઈ રહેતા NRI દિવ્યેશ ગાંધી સાથે જમીનની સરાજાહેર ઠગાઈનો પર્દાફાશ!

રાજકોટ

'સગા પોતાના જ જ્યારે વિશ્વાસઘાત કરે, ત્યારે અદાલત અને મીડિયા સિવાય કોઈ રસ્તો બચતો નથી.' આવો જ એક હચમચાવી દેનારો અને સનસનાટીભર્યો કિસ્સો રાજકોટમાંથી સામે આવ્યો છે, જ્યાં દુબઈ સ્થાયી થયેલા એનઆરઆઈ રોકાણકાર દિવ્યેશભાઈ ગાંધી સાથે જમીનના નામે કરોડોની ઠગાઈ કરવાનો ષડયંત્ર રચવામાં આવ્યું છે. જમીન પોતાની ના હોવા છતાં, બોગસ અને ડુબ્લીકેટ દસ્તાવેજોના આધારે સોદો પાડીને ટોકન રકમ ચાઉં કરી જવાનો ખુલ્લો ખેલ ખેલાયો હોવાના ગંભીર આરોપો સાથે મૂળ માલિક દિવ્યેશભાઈ ગાંધી પોતે તમામ અસલી પુરાવાઓ સાથે મીડિયા સામે આવ્યા છે. દુબઈમાં રહેતા રાજકોટના મૂળ નિવાસી દિવ્યેશભાઈ ગાંધીએ વર્ષોની મહેનત કમાણીમાંથી રાજકોટમાં કિંમતી જમીનમાં રોકાણ કર્યું હતું. પરંતુ તેમની ગેરહાજરીનો ગેરફાયદો ઉઠાવીને રાજકોટના કિશોર બાબીયા નામના શખ્સે જમીન પચાવી પાડવા અને બારોબાર વેચી મારવાનું એક મોટું ષડયંત્ર રચ્યું. કિશોર બાબીયા પાસે જમીનની માલિકી કે ઓરિજિનલ કાગળો ન હોવા છતાં, તેણે જમીનના ડુબ્લીકેટ દસ્તાવેજો બનાવી લીધા. આ ડુબ્લીકેટ કાગળોના આધારે જમીન પોતાની હોવાનો દાવો કરી અન્ય ખરીદદાર સાથે સોદો નક્કી કરી લીધો અને મોટી રકમનું ટોકન (એડવાન્સ) મેળવી લીધું.

## વ્યાજખોરીના કાળા કારોબાર પર મોટો ધડાકો

# ભાજપના નેતા રાજુ કરપડા સહિત 79 શાહુકારોના લાયસન્સ રદ, 3 વર્ષ માટે સટાસટ પ્રતિબંધ મુકાયો

ગાંધીનગર

રાજ્યમાં ગેરકાયદેસર વ્યાજખોરી અને શાહુકારોના ત્રાસ સામે ચાલી રહેલી ઝુંબેશ વચ્ચે એક અત્યંત સનસનાટીભર્યા અને મોટા સમાચાર સામે આવ્યા છે. વ્યાજ વટાવના ધંધામાં કાયદાના ધજાગરા ઉડાડીને ભોળી જનતાનું શોષણ કરતા ભાજપના નેતા રાજુ કરપડા સહિત કુલ ૭૯ શાહુકારો સામે તંત્રે લાલ આંખ કરી છે. કાયદાકીય નિયમોનો ભંગ કરવા બદલ અને અસહ્ય વ્યાજ વસૂલવાના ગંભીર આક્ષેપોને પગલે આ તમામ ૭૯ શાહુકારોના નાણાં ધીરધારના લાયસન્સ તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવ્યા છે, તેમજ આગામી ૩ વર્ષ સુધી નવા લાયસન્સ મેળવવા કે નાણાં ધીરવા પર કડક પ્રતિબંધ લાદી દેવાયો છે.

આ ઘટના સામે આવ્યા બાદ સામાન્ય જનતામાં એક જ ચર્ચા અને સવાલ ગુંજી રહ્યો છે કે: 'આ શાહુકારોએ આખરે કેટલું રાક્ષસી અને ઘાતક વ્યાજ વસૂલ્યું હશે કે તંત્રને આટલું સખત પગલું ભરીને સીધા લાયસન્સ જ રદ કરી દેવાની નૌબત આવી?'

નિયમ મુજબ નક્કી કરેલા વ્યાજદર કરતાં આકાશને આંબતા વ્યાજ વસૂલીને ગરીબ, ખેડૂત અને મધ્યમવર્ગના પરિવારોને પાયમાલ કરવાનો ખેલ લાંબા સમયથી ચાલી રહ્યો હતો. સત્તાના ઓતરા તળે બેઠેલા રાજુ કરપડા જેવા ભાજપના નેતાઓ પોતે જ જો આવી વ્યાજખોરીમાં લિપ્ત નીકળે, તો સામાન્ય નાગરિક ન્યાય માગવા ક્યાં જાય?

અત્યાર સુધી વ્યાજખોરોની ચુંગાલમાં ફસાઈને કેટલાય લાચાર લોકોએ આપઘાત કરવા જેવા અત્યંત દર્દનાક પગલાં ભર્યા છે. નાણાં ધીરધારના નામે ચાલતી આ સમાંતર 'વ્યાજ માફિયા' સિસ્ટમ સામે આખરે સહકારી અને મહેસૂલી તંત્ર જાગ્યું છે. અમાનવીય શોષણનો અંત: ૭૯ શાહુકારોના લાયસન્સ રદ થવાથી વ્યાજખોરોમાં ભારે ફાડા મચી ગયો છે.

ભાજપના નેતાનું નામ જ વ્યાજખોરીના આ કાળા કારોબારમાં સામે આવતાં શાસક પક્ષના 'સુશાસન'ના દાવાઓ પર ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

# દોઢ વર્ષથી હત્યા કેસમાં ફરાર આરોપી બિહારથી ઝડપાયો

સુરત

ઈચ્છાપોર પોલીસ સ્ટેશનની ટીમે હત્યાના ગંભીર ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપીને બિહારથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. કરણકુમાર સુરજસિંહ રાજપૂત (ઉં.વ. ૨૩), મૂળ બિહારનો રહેવાસી, સામે ઈચ્છાપોર પોલીસ મથકે હત્યા સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયા બાદ આરોપી પોલીસથી બચવા ફરાર થઈ ગયો હતો. તા. ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ભાટપોર ગામ તરફ જતા જાહેર રોડ પર કામ પૂર્ણ કરી ઘરે પરત ફરી રહેલા એક વ્યક્તિ પર બે અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. ગળા, બંને હાથ, પગ તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઈજાગ્રસ્તનું મોત નીપજ્યું હતું. આ હત્યા કેસમાં આરોપી કરણકુમાર ફરાર થઈ ગયો હતો.

ઈચ્છાપોર પોલીસની ટીમે આરોપીની શોધખોળ માટે તપાસનો દોર બિહાર સુધી લંબાવ્યો હતો. પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે બાતમી અને



ટેકનિકલ તપાસના આધારે બિહારમાં કાર્યવાહી કરી દોઢ વર્ષથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીની ધરપકડ બાદ પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંસ્કારી નગરી વડોદરામાં 'Sunday on Cycle' રેલીનો ધમાકેદાર પ્રારંભ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં રવિવારની આહલાદક સવારે શહેરીજનોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાના હેતુથી 'Sunday on Cycle' સાયકલ રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'શહેરીજનો સ્વસ્થ રહે અને ફિટનેસ પ્રત્યે જાગૃત બને' ના બુલંદ નારા સાથે યોજાયેલી આ રેલીમાં સમગ્ર વડોદરા શહેર ઉત્સાહ અને ઉમંગથી રંગાયેલું જોવા મળ્યું હતું. આ ઉત્સાહવર્ધક સાયકલ રેલીનો પ્રારંભ સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતેથી લીલી ઝંડી આપીને કરવામાં આવ્યો હતો. રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને ઐતિહાસિક કમાટીબાગ ખાતે સંપન્ન થઈ હતી. રસ્તામાં ઠેર-ઠેર નાગરિકોએ સાયકલ સવારોનું સ્વાગત કર્યું હતું અને ફિટ વડોદરાના આ અભિયાનને બિરદાવ્યું હતું. આ ખાસ આયોજનમાં વડોદરા શહેરના પ્રથમ નાગરિક અને મેયર શ્રીમતી ગીતાબેન મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિંહમ્હા કોમારે પણ વિશેષ ઉપસ્થિતિ આપીને પોતે સાયકલ ચલાવી સૌ કોઈ માટે પ્રેરણા સ્ત્રોત બન્યા હતા. આ સાયકલ રેલીમાં સ્થાનિક સાયકલ ક્લબના ઉત્સાહી સભ્યો સહિત વડોદરા પોલીસના જવાનો અને અધિકારીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. ખાખી વર્દીની સાથે ફિટનેસનો સંગમ જોઈ શહેરીજનોમાં પણ ભારે આકર્ષણ જમ્યું હતું.

# PM મોદી 8મી સપ્ટેમ્બરે ગુજરાત આવશે: વડોદરા-નવસારીમાં જનસભાને સંબોધશે

### PM મોદીએ છેલ્લા 4 જુલાઈએ સાણંદ સ્થિત CG સેમિ આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું હતું. સાણંદના કાર્યક્રમ બાદ પીએમ મોદી અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 8 સપ્ટેમ્બરના રોજ ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવશે. PM મોદીના ગુજરાત પ્રવાસ દરમિયાન વડોદરા અને નવસારીમાં બે મહત્વપૂર્ણ કાર્યક્રમો યોજાશે. વડોદરામાં લોકાર્પણ કાર્યક્રમ સાથે જનસભાને સંબોધશે, જ્યારે નવસારીમાં જિલ્લા કમલમ કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે.

પ્રવાસના કાર્યક્રમ મુજબ PM મોદી બપોરે 12 વાગ્યે વડોદરા એરપોર્ટ પર પહોંચશે. ત્યારબાદ તેઓ વડોદરા યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. અહીં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ કાર્યક્રમ બાદ PM મોદી જનસભાને સંબોધન કરશે.

વડોદરાનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ બપોરે 3 વાગ્યાની આસપાસ



ચોપર મારફતે નવસારી પહોંચશે. નવસારીમાં જિલ્લા કમલમ કાર્યાલયના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે.

નવસારીનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ PM મોદી સાંજે 4.15 વાગ્યે નવસારી હેલીપેડથી સુરત માટે રવાના થશે. ત્યાર બાદ સાંજે 4.38 વાગ્યે સુરતથી મુંબઈ જવા રવાના થવાનો કાર્યક્રમ છે. આ રીતે PM મોદીની 8 સપ્ટેમ્બરની ગુજરાત મુલાકાતમાં વડોદરા અને નવસારી એમ બે શહેરોમાં જાહેર તથા સંગઠનાત્મક કાર્યક્રમો યોજાશે.

8મી સપ્ટેમ્બરે વડાપ્રધાન વડોદરા અને નવસારી આવી રહ્યા હોય આજે મોડી સાંજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરા પહોંચ્યા. કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ તૈયારીની સમીક્ષા કરી. વડોદરાના સાંસદ, શહેર ભાજપ પ્રમુખ, ધારાસભ્યો ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી.

## ખાખીના અહંકાર સામે કાયદાનો સંગ્રામ

# ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં કલમ 307 મુદ્દે ખાખી અને વકીલો સામસામે

અમદાવાદ

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોવાના આક્ષેપો વચ્ચે પોલીસ તંત્રની મનમાનીનો વધુ એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે રજૂઆત કરવા પહોંચેલા વકીલો અને પીડિત પરિવાર સાથે પોલીસ અધિકારીનું ઘર્ષણ થતાં ભારે હોબાળો મચ્યો છે. ચાંદખેડા સહિત સમગ્ર રાજ્યમાં હવે એવો ઘાતક માહોલ ઊભો થયો છે કે, એફ.આઈ.આર. (FIR) ની અંદર ગુનાની સાચી અને ગંભીર કલમો ઉમેરાવવા માટે પણ પીડિતો અને વકીલોએ પોલીસ સ્ટેશનોના ધક્કા ખાવા પડે છે.

ઘટનાની વિગત મુજબ, ચાંદખેડા ખાતે બનેલી હિંસક ઘટનામાં અરજદાર પર અજાણ્યા કે પરિચિત ઈસમો દ્વારા માથાના ભાગે તીક્ષ્ણ હથિયાર જેવા ઘાતક



શસ્ત્ર વડે હુમલો કરવામાં આવ્યો હતો. પીડિતના પરિવારે આક્ષેપ કર્યો છે કે આ સીધો જીવલેણ હુમલો હતો. પરંતુ જ્યારે પરિવાર અને તેમના વકીલ પોલીસ સ્ટેશને રજૂઆત કરવા પહોંચ્યા, ત્યારે ચાંદખેડા પી.આઈ.એ 'ઈજા ગંભીર (grievous injury) નથી' તેવું બહાનું ધરીને આઈ.પી.સી. કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) દાખલ કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. માત્ર ચાંદખેડા જ નહીં, પરંતુ લગભગ દરેક પોલીસ સ્ટેશનમાં પીડિતો માટે રજૂઆત કરવા આવતા વકીલોની વાત પણ સાંભળવામાં આવતી નથી. ગંભીર ગુનાઓને હળવી કલમો હેઠળ નોંધીને કેસ નબળો પાડી દેવાનો ખેલ ચાલી રહ્યો હોવાના આક્ષેપો ઉઠ્યા છે. કાયદાના રક્ષક ગણાતા વકીલોને પણ જ્યારે પી.આઈ. કક્ષાના અધિકારીઓ દાદ ન આપતા હોય, ત્યારે સામાન્ય નાગરિકની હાલત શું થતી હશે તે વિચારવું જ રહ્યું. પીડિત પરિવાર અને વકીલોએ આ સમગ્ર મામલે ભારે વિરોધ દર્શાવ્યો છે. વકીલોનું કહેવું છે કે માથા જેવા સંવેદનશીલ અંગ પર તીક્ષ્ણ હથિયારથી વાર કરવો એ સ્પષ્ટપણે જાનથી મારી નાખવાનો ઈરાદો દર્શાવે છે. તેમ છતાં કલમ ૩૦૭ ના ઉમેરવા પાછળ કયા આકાઓનો હાથ છે કે પછી કઈ મજબૂરી છે? આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર એડવોકેટ આલમ અને બાર કાઉન્સિલના સભ્યોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

# વડોદરા: MS યુનિવર્સિટીની પૂર્વ વિદ્યાર્થિની સાથે પ્રેમજાળ, દુષ્કર્મ અને 10 લાખની ખંડણી

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાની પ્રખ્યાત એમ.એસ. યુનિવર્સિટી (MS University) ની એક પૂર્વ વિદ્યાર્થિનીને પ્રેમજાળમાં ફસાવી શારીરિક શોષણ કરવા, અંગત ક્ષણોના ફોટો-વીડિયો વાયરલ કરવાની ધમકી આપી લાખો રૂપિયા તેમજ સોનાના દાગીના પડાવી લેવાનો એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. સમગ્ર મામલે ઝીણવટભરી તપાસ બાદ ગોત્રી પોલીસે ૨૪ વર્ષીય આરોપી વાસુદેવ સુથારની ધરપકડ કરી કાયદેસરની ધાકધમકી અને દુષ્કર્મની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૩માં પીડિતા યુવતી એમ. એસ. યુનિવર્સિટીમાં B.Com નો અભ્યાસ કરતી હતી. આ દરમિયાન તે વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા વાસુદેવ જસારામ સુથારના સંપર્કમાં આવી હતી. આરોપી વાસુદેવે યુવતીને પોતાની મીઠી-મીઠી વાતોમાં ફસાવી વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ આરોપી યુવતીને પોતાના ઘરે લઈ ગયો હતો, જ્યાં તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા. આટલેથી ન અટકતા, નરાધમ વાસુદેવે ચોરીછૂપીથી યુવતીના અંગત પળોના ફોટા અને વીડિયો પોતાના મોબાઈલમાં શૂટ કરી લીધા હતા.

# દમણ બ્રેકિંગ: દરિયાના મોત સમાન મોજાં સામે લડ્યો સિંહ, 7 વર્ષના બાળક માટે લાઇફગાર્ડ બન્યો 'જીવની દીવાલ'

## ઉછળતા દરિયામાં મોતનો કોળિયો બનતા બચેલું માસૂમ: લાઇફગાર્ડ સુજલ મંગેલાની અદ્ભુત બહાદુરીના દ્રશ્યો સામે આવ્યા

દમણના દરિયા કિનારે ઘૂઘવતાં મોજાં અને સૈલાણીઓની ચહલપહલ વચ્ચે એક એવી હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેણે ક્ષણભર માટે ત્યાં હાજર તમામ લોકોના શ્વાસ થંભાવી દીધા હતા. દમણના દરિયા કિનારે પોતાની મસ્તીમાં રમી રહેલું એક ૭ વર્ષનું અબુધ બાળક અચાનક કાળ બનીને આવેલા દરિયાના રાક્ષસી મોજાંની ચપેટમાં આવી ગયું હતું. દરિયાના ધસમસતા પ્રવાહે બાળકને પોતાની તરફ ખેંચવાનું શરૂ કર્યું અને જોતજોતામાં બાળક ઉંડા પાણીમાં ફસાઈ ગયું. માસૂમનો જીવ તાળવે ચોંટી ગયો હતો અને કિનારે ચીસાચીસ મચી ગઈ હતી.

મોત અને બાળક વચ્ચે 'જીવની દીવાલ' બનીને ઉભો રહ્યો સુજલ મંગેલા

ઘટના સ્થળે ફરજ પર હાજર લાઈફગાર્ડ સુજલ મંગેલાની નજર જેવી આ ડૂબતા બાળક પર પડી, કે તેમણે પોતાની જાનની પરવા કર્યા વગર, એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના દરિયાના ખૌફનાક પાણીમાં છલાંગ લગાવી દીધી. દરિયાના મોજાં એટલા ચંડાળ અને તીવ્ર હતા કે બાળક સુધી પહોંચવું લોખંડના ચણા ચાવવા સમાન હતું. સુજલ જેટલી વાર બાળકની નજીક પહોંચવાનો પ્રયાસ કરતા, દરિયાના અસહ્ય મોજાં એટલી જ તાકાતથી તેમને પાછળ ધકેલી દેતા હતા.

પરંતુ સુજલ મંગેલાની ખુદ્દારી અને ફરજ પ્રત્યેની નિષ્ઠા સામે દરિયાની તાકાત પણ ઓછી પડી ગઈ. સુજલે સહેજ પણ હિંમત હાર્યા વિના, દરિયાના રોદ્ર સ્વરૂપ અને ૭ વર્ષના પરાધીન બાળક વચ્ચે જાણે એક અણનમ 'જીવની દીવાલ' બનીને રક્ષણ પૂરું પાડ્યું. આખરે પોતાની જાન બાજી પર લગાવીને ભારે જહેમત બાદ માસૂમને સહીસલામત રીતે દરિયાની બહાર કાઢી તેનો નવજીવન જીવ બચાવી લીધો.

બહાદુરીના દ્રશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ: વહીવટી તંત્રનું ખેંચાયું ધ્યાન

લાઈફગાર્ડ સુજલ મંગેલાની આ અભૂતપૂર્વ બહાદુરી અને જાંબાઝીના દ્રશ્યો કેમેરામાં કેદ થઈ ગયા હતા, જે હવે સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચાનો વિષય બન્યા છે. એક બાળકના પ્રાણ બચાવીને સાચા અર્થમાં 'દેવદૂત' સાબિત થયેલા સુજલ મંગેલાની આ વીરતાને દમણના પ્રશાસન અને કલેક્ટર કાર્યાલય (@CollectorDaman) તેમજ પ્રશાંત પ્રશાસક પ્રફુલ પટેલ (Praful Patel) સુધી પહોંચાડીને બિરદાવવાની માંગ ઉઠી રહી છે. સ્થાનિકો અને પ્રવાસીઓ સુજલની આ અસાધારણ હિંમતને સલામી આપી રહ્યા છે.

પાક્કો ગુજરાત

સોમવાર | 31 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### "નેતાઓ ખરીદવા માટે ભાજપ પાસે કરોડો રૂપિયા છે, પણ જગતના તાત માટે ખજાનો ખાલી?"

# દ્વારકાની પવિત્ર ધરતી પરથી આપ નેતા જિગીષા પટેલના સરકાર પર આકરા પ્રહારો

## આમ આદમી પાર્ટીનો ભાજપ સરકાર પર સીધો પ્રહાર: ખેડૂતોને પાક નુકસાનીના વળતર અને વીજળી મામલે તંત્રના પેટનું પાણી પણ નથી હલતું!



દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકાની પવિત્ર ધરતી પરથી આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા જિગીષા પટેલે રાજ્યની ભાજપ સરકાર સામે આક્રમક મોરચો માંડીને સણસણતા સવાલો ઊભા કર્યા છે. ખેડૂતોની કથળતી સ્થિતિ, પાક નુકસાનીનું વળતર અને સિંચાઈ માટે વીજળીના ધાંધિયાને લઈને તેમણે સરકારની નીતિ અને દાનત પર સીધા સવાલો ઊભા કરતાં જણાવ્યું હતું કે, 'અન્ય પક્ષોના વિધાયકો અને નેતાઓની ખરીદ-વેચાણ કરવા માટે સરકાર પાસે કરોડો રૂપિયાનું બજેટ છે, પરંતુ કાળી મજૂરી કરીને દેશનું પેટ ભરતા ખેડૂતોને તેમનો હક આપવા માટે તિજોરી ખાલી થઈ જાય છે!'

દ્વારકામાં આયોજિત પત્રકાર પરિષદ અને જનસભામાં બોલતા જિગીષા પટેલે સરકારની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. તેમણે રજૂઆત કરી હતી કે દ્વારકા સહિત સમગ્ર ગુજરાતનો ખેડૂત આજે કુદરતી આફતો અને સરકારની અન્યાયી નીતિઓ વચ્ચે પીસાઈ રહ્યો છે. ક્યારેક અતિવૃષ્ટિ તો ક્યારેક કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો આખો પાક બરબાદ થઈ જાય છે. આમ છતાં, સરકાર દ્વારા સર્વેના નામે માત્ર કાગળ પર જ આંકડાકીય માયાજાળ રચીને ખેડૂતોના હાથમાં મામૂલી ભીખ સમાન રકમ ધરી દેવામાં આવે છે. નેતા ખરીદીનું મોડેલ: જનતાના ટેક્સના કરોડો રૂપિયાનો ઉપયોગ સત્તા ટકાવી રાખવા માટે અને વિપક્ષી નેતાઓને તોડવા માટે થાય છે, પરંતુ ખેડૂતોને દેવામાફી કે ટેકાના ભાવ આપવાની વાત આવે ત્યારે સરકાર હાથ ઊંચા કરી દે છે.

વીજળી અને પાણીના ધાંધિયા: કલાકો સુધી પાવર કટ આપીને ખેડૂતોને રાતના અંધારામાં ખેતરોમાં ભટકવા મજબૂર કરાય છે.

જનતાના ટેક્સના પૈસાથી સરકાર કોની તિજોરી ભરે છે? પાક્કો ગુજરાત ન્યૂઝના કડક સવાલો

દ્વારકાથી ઉઠેલો આ અવાજ માત્ર એક રાજકીય નિવેદન નથી, પરંતુ રાજ્યના લાખો પીડિત ખેડૂતોનો આક્રોશ છે. આ પરિસ્થિતિને લઈને હવે પ્રશાસન અને શાસકો સામે સીધા જળહળતા સવાલો ઊભા થાય છે

## ડીંડોલીમાં ખુલ્લા પાર્કિંગમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

સુરત

ડીંડોલી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે રામીપાર્ક સોસાયટી વિસ્તારમાં ખુલ્લા પાર્કિંગમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી પ્રોહિબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં અલગ-અલગ બ્રાન્ડની કાચ તથા પ્લાસ્ટિકની કુલ ૫૨૮ બોટલો મળી આવી હતી.

સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પોલીસ કર્મચારીને મળેલી બાતમીના આધારે રામીપાર્ક સોસાયટીના ખુલ્લા પાર્કિંગમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કુલ રૂ. ૧,૦૦,૮૯૬નો મુદ્દામાલ કબજે લીધો હતો. ઉચ્ચ પોલીસ



અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડીંડોલી પોલીસ સ્ટેશનના અધિકારીઓ તથા સર્વેલન્સ ટીમ દ્વારા દારૂ-જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ સામે પેટ્રોલિંગ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ઝડપાયેલા દારૂના જથ્થા અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### શ્રમિકના મોતથી ખંભાતનું કલમસર સળગી ઊઠ્યું

## કંપનીની ઘોર બેદરકારીએ મોભીનો જીવ લીધો, ન્યાય માગતા ગ્રામજનો અને માસૂમો પર ખાખીનો કાળો કાયદો!

આણંદ

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના કલમસર ગામે આવેલી 'રોહન ડાઈઝ એન્ડ ઈન્ટરમીડિયેટ' કંપનીમાં એક અત્યંત હૃદયદ્રાવક અને સનસનાટીભર્યા અકસ્માતમાં શ્રમિક રણજીતસિંહ નટુભાઈ સિંધાનું અકાળે અવસાન થતાં સમગ્ર વિસ્તારમાં ભારે આક્રોશ અને અરેરાટી વ્યાપી ગઈ છે. પોતાના પરિવારનું પોષણ કરવા કાળી મજૂરી કરતા ઘરના મોભીને કંપનીની ઘોર બેદરકારીએ કાળના મુખમાં ધકેલી દીધા છે. આ દિવંગત આત્મા પ્રત્યે આખો વિસ્તાર શોકમગ્ન છે, પરંતુ તેનાથી પણ વધુ શરમજનક અને નિંદનીય બાબત એ છે કે અકસ્માત બાદ કંપની સંચાલકો અને સ્થાનિક તંત્રનું વલણ તદ્દન ક્રૂર અને રક્ષકમાંથી ભક્ષક બનવા જેવું રહ્યું છે.

ઔદ્યોગિક સલામતીના નિયમોની ધજાગરા ઉડાડીને શ્રમિકોના જીવ સાથે ખેલ ખેલતી કંપનીઓની દાદાગીરી હવે સહન કરવામાં નહીં આવે. સ્વ. રણજીતસિંહ સિંધાનું મોત એ માત્ર અકસ્માત નથી, પરંતુ કંપની તંત્રની ગુનાહિત ભૂલ અને ઘોર બેદરકારીનું પરિણામ છે. ફેક્ટરીના જવાબદાર માલિકો અને મેનેજમેન્ટ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સાપરાધ મનુષ્યવધ (જીવલેણ બેદરકારી) ની કલમ હેઠળ તાત્કાલિક અસરથી નોન-બેલેબલ ગુનો દાખલ કરી જેલહવાલે કરવામાં આવે તેવી સ્થાનિકોની ઉગ્ર માગ છે.

સૌથી વધુ ચિંતાજનક અને ખાખી વર્દીને શરમાવે તેવી ઘટના ત્યારે બની જ્યારે પોતાના સ્વજનના અકાળે અવસાનથી ભાંગી પડેલા સિંધા પરિવાર અને ગ્રામજનો ન્યાય માગવા કંપનીના દરવાજે પહોંચ્યા હતા. દુઃખની આ આકરી ઘડીમાં પીડિત પરિવારની સાથે ઊભા રહેવાને બદલે પોલીસે અમાનવીયતાની તમામ હદો વટાવી દીધી હતી. અવાજ ઉઠાવનારા નિર્દોષ ગ્રામજનો, મહિલાઓ અને નાના બાળકો પર લાઠીઓ વીંઝીને પોલીસ તંત્રએ પોતાનું ભક્ષક સ્વરૂપ છતું કર્યું હતું. અમાનુષી અત્યાચાર ગુજારીને ઊલટાનું ગ્રામજનો પર જ ખોટી એફ. આઈ.આર. નોંધવાના ખેલ ખેલાઈ રહ્યા છે, જેના સામે તટસ્થ તપાસ પંચ નીમી દોષિત પોલીસ અધિકારીઓ સામે પણ આકરાં પગલાં લેવાવા જોઈએ.

## કન્ટેનરમાં કેદ 20 ભેંસોને મુક્ત કરાવી, બે આરોપી ઝડપાયા; બે વોન્ટેડ

અંકલેશ્વર

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર સરફુદ્દીન ગામ નજીક બંધ બોડી કન્ટેનરમાં ભેંસોની કથિત ગેરકાયદેસર હેરાફેરીનો પર્દાફાશ થયો હતો. પોલીસ અને જીવદયા પ્રેમીઓની ટીમે સંયુક્ત કાર્યવાહી કરી કન્ટેનર અટકાવી તપાસ કરતાં અંદરથી આશરે 20 ભેંસો મળી આવી હતી. તમામ પશુઓને કન્ટેનરમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડના સભ્ય અને તેમની ટીમે શંકાસ્પદ કન્ટેનરને અટકાવી પોલીસને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે કન્ટેનર ચાલક અને ક્લીનરની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં પશુઓને યોગ્ય વ્યવસ્થા વિના કન્ટેનરમાં હેરાફેરી કરવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે રહેતા કન્ટેનર ચાલક રિઝવાન અબ્દુલ જબ્બાર મલેક અને ક્લીનર મોહમ્મદ તાહિર જમીલ અહેમદ પઠાણની ધરપકડ કરી છે. પોલીસે આશરે રૂ.3 લાખની કિંમતના પશુઓ અને રૂ.8 લાખનું કન્ટેનર મળી કુલ રૂ.11.15 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### કોંગ્રેસ નિરીક્ષકોના ભાજપ સરકાર પર આકરા પ્રહારો

## "ગાંધીનગરમાં રાત્રે 8 વાગ્યા પછી દૂધ નથી મળતું પણ દારૂ મળે છે!"

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણી સંદર્ભે બેઠકોનો દોર શરૂ થતાં જ પાટનગરમાં રાજકીય પારો સાતમા આસમાને પહોંચી ગયો છે. ગાંધીનગરની મુલાકાતે આવેલા કોંગ્રેસના ચૂંટણી નિરીક્ષકોએ પત્રકાર પરિષદ અને કાર્યકરોની બેઠકમાં ભાજપ સરકાર અને તેની નીતિઓ સામે સણસણતા આક્ષેપો કરીને શાસક પક્ષના 'સુશાસન' અને 'દારૂબંધી'ના દાવાઓની ધજાગરા ઉડાડી દીધી છે.

કોંગ્રેસના નિરીક્ષકોએ ગાંધીનગરમાં કાયદો-વ્યવસ્થા અને દારૂબંધીના અમલવારી પર આકરો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 'પાટનગર ગાંધીનગરમાં ભાજપ સરકારના રાજમાં એવી સ્થિતિ સર્જાઈ છે કે રાત્રે ૮ વાગ્યા પછી સામાન્ય નાગરિક કે બાળક માટે દૂધ મેળવવું મુશ્કેલ બની જાય છે, પરંતુ દારૂની બાટલીઓ ખુલ્લેઆમ અને ગમે તે સમયે મળી રહે છે!' ગાંધીના ગુજરાતમાં પાટનગરના નાક નીચે જ ગેરકાયદે દારૂનો કાળો કારોબાર ધમધમી રહ્યો હોવાનો સીધો આરોપ લગાવીને કોંગ્રેસે ગૃહ વિભાગની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. ભાજપની બેવડી નીતિ અને ધાર્મિક રાજકારણને ઉઘાડું પાડતાં કોંગ્રેસ નેતાઓએ અત્યંત ઘાતક નિવેદન આપ્યું હતું કે, 'એક તરફ ભાજપ પ્રજા પાસે ભગવાન શ્રી રામના નામે વોટ માંગવા નીકળે છે, અને બીજી તરફ ચૂંટણી ફંડ કે દાનના નામે કતલખાના ચલાવતી કંપનીઓ અને માસના વેપારીઓ પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવે છે.' કોંગ્રેસે ભાજપ પર ધર્મના નામે જનતાની ભાવનાઓ સાથે ખેલ ખેલવાનો અને પાછલા બારણેથી અનૈતિક તત્વો સાથે મિલીભગત કરવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. કોંગ્રેસ નિરીક્ષકોએ વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકાની જાગૃત જનતા હવે ભાજપના પોકળ વચનો, ભ્રષ્ટાચાર અને મોંઘવારીથી કંટાળી ગઈ છે. પાટનગરના નાગરિકો આ વખતે ભાજપની સત્તાના અહંકારને તોડીને મહાનગરપાલિકામાંથી તેમને ઉખાડી ફેંકવા માટે સંપૂર્ણ રીતે તત્પર છે. આ સણસણતા આક્ષેપો બાદ ગાંધીનગરના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે અને ભાજપ સંગઠનમાં પણ ખળભળાટ મચી ગયો છે.

### રૂપિયા 5 કરોડની છેતરપિંડી કેસમાં સનસનાટીભર્યો ધડાકો

## જૂનાગઢ ભેસાણના ભાજપ અગ્રણી કરશન ડોબરિયા લાઈવ આવ્યા, ખોડલધામ અને ભાજપના દિગ્ગજ નેતાઓ સામે સણસણતા આક્ષેપો!

જૂનાગઢ

સૌરાષ્ટ્રના રાજકારણ અને સામાજિક ક્ષેત્રે એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો વિવાદ સામે આવ્યો છે. જૂનાગઢ જિલ્લાના ભેસાણના ખેડૂત અને ભાજપના અગ્રણી નેતા કરશનભાઈ ડોબરિયાએ સોશિયલ મીડિયા પર લાઈવ આવીને પોતાની આપવીતી સંભળાવતા ભાજપ સરકાર અને પાટીદારોની સર્વોચ્ચ સંસ્થા ખોડલધામના મોટા આગેવાનો સામે રૂ. ૫ કરોડની છેતરપિંડીના મામલે ગંભીર આક્ષેપો કર્યા છે. વ્યાપાર-ધંધા અને બિઝનેસના નામે આપેલા કરોડો રૂપિયા પરત ન મળતા અને ઠગાઈ કરનાર વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન થતાં આખો ડોબરિયા પરિવાર માનસિક આઘાત અને આર્થિક પાયમાલીના આરે આવી ઊભો છે.

કરશનભાઈ ડોબરિયાએ લાઈવ વિડીયોમાં આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, તેમની સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે. જ્યારે તેમણે પોતાના હકના પૈસા પરત માગ્યા કે કાયદાકીય કાર્યવાહી કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમને ન્યાય આપવાને બદલે સત્તાધારી પક્ષના મોટા નેતાઓ અને ખોડલધામ સંસ્થા સાથે જોડાયેલા વગદાર લોકો આરોપીને છાવરવામાં લાગી ગયા હતા.

શાસક પક્ષના ઓતરે બેઠેલા આકાઓના કારણે કૌભાંડી વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં યોગ્ય ફરિયાદ કે કડક કાર્યવાહી થવા દેવામાં આવતી નથી.

પોતાની સાથે થયેલા અન્યાય સામે લડત આપતા કરશનભાઈએ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી સુધી લેખિત અને મૌખિક રજૂઆતો કરી હોવાનો દાવો કર્યો છે. પરંતુ આટલી ઉચ્ચ સ્તરે રજૂઆત કરવા છતાં પણ કોઈ પરિણામ આવ્યું નથી અને ન્યાય આકાશકુસુમવત્ બની રહ્યો છે. કરશનભાઈએ સ્પષ્ટ સવાલો ઊભા કર્યા છે કે:

શું સત્તાધારી પક્ષ ભાજપના કાર્યકરો અને ખેડૂતોને પોતાના જ પક્ષની સરકારમાં ન્યાય મેળવવા માટે લાઈવ આવીને રોકકળ કરવી પડશે?

### ઘેર-ઘેર માંદગીના ખાટલા, નગરપાલિકા તંત્ર કુંભકર્ણ નિંદ્રામાં

## ડભોઇના મહુડી ભાગોળ માછીવાડમાં 3 મહિનાથી નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ

ડભોઇ

ડભોઈ નગરપાલિકા વિસ્તારમાં આવેલા મહુડી ભાગોળ માછીવાડ વિસ્તારના રહીશો છેલ્લા ત્રણ મહિનાથી પારાવાર મુશ્કેલીઓ અને નર્કાગાર જેવી સ્થિતિ વચ્ચે જીવવા મજબૂર બન્યા છે. વિસ્તારમાં ગંદા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે એક જ જગ્યાએ સતત પાણીનો ભરાવો થઈ રહ્યો છે, જેના પરિણામે સમગ્ર વિસ્તારમાં શેવાળ અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે.



વિસ્તારમાં લાંબા સમયથી જમા થયેલા ગંદા પાણીના કારણે ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના લીધે સ્થાનિક રહીશોનું ઘરમાં રહેવું પણ મુશ્કેલ બન્યું છે. ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક હદે વધી ગયો છે, જે મોટા રોગચાળાને સીધું આમંત્રણ આપી રહ્યો છે. આ વિસ્તારમાં ગંદકી અને મચ્છરોના ઉપદ્રવને કારણે હાલ ૧૨થી વધુ લોકો ગંભીર બિમારીની લપેટમાં આવી ગયા છે. હાલમાં વિસ્તારમાં ઘેર-ઘેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે નગરપાલિકાનું આરોગ્ય તંત્ર જો રૂબરૂ આવીને સ્થિતિનું નિરીક્ષણ કરે, તો ખ્યાલ આવે કે લોકો કેવા અસહ્ય વાતાવરણમાં જીવી રહ્યા છે. આ વિસ્તાર વોર્ડ નંબર ૪ માં આવે છે, જ્યાંથી ચૂંટાયેલા પ્રતિનિધિ ડભોઈ નગરપાલિકાના ઉપપ્રમુખ પદ પર બિરાજમાન છે. સ્થાનિક રહીશોએ ભારે આશાઓ સાથે કોંગ્રેસના પ્રતિનિધિઓને ચૂંટ્યા હતા કે વિસ્તારના વિકાસકામો અને પ્રાથમિક સુવિધાઓ મળશે. પરંતુ ચૂંટાયા બાદ સ્થાનિક કોર્પોરેટરો કે ઉપપ્રમુખને જનતાની સમસ્યાઓ ઉકેલવામાં કોઈ રસ ન હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સ્થાનિક રહીશો દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં નગરપાલિકા તંત્ર અને ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં પરિણામ શૂન્ય રહ્યું છે.

## નર્મદામાં બે અકસ્માતે એકનો ભોગ લીધો, ત્રણને ગંભીર ઇજા

નર્મદા

નર્મદા જિલ્લામાં આમલેથા અને રાજપીપળા પોલીસ સ્ટેશનની હદમાં બનેલા બે અલગ-અલગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બંને બનાવોમાં વાહનચાલકોની બેદરકારી અને પુરઝડપે વાહન હંકારવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આમલેથા પોલીસ મથકની હદમાં કુમસગામ બસ સ્ટેન્ડ નજીક હાઈવે રોડ પર કિયા સેલ્ટોસ કાર નં. GJ-16-DP-6695ના ચાલકે પુરઝડપે વાહન હંકારી કનૈયાભાઈ કાલિદાસભાઈ વસાવાને ટક્કર મારી હતી. અકસ્માતમાં કનૈયાભાઈને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ કારચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હોવાની ફરિયાદના આધારે આમલેથા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



બીજી તરફ રાજપીપળા પોલીસની હદમાં વાવડી ગામે દૂધ ડેરી પાસે આઈસર ટેમ્પો નં. RJ-27-GD-7367ના ચાલકે પુરઝડપે વાહન હંકારી બાકડા પર બેઠેલા વિષ્ણુભાઈ અને મનહરભાઈને ટક્કર મારી હતી. અકસ્માતમાં વિષ્ણુભાઈના જમણા પગમાં ગંભીર ઈજા થઈ હતી અને ડાબા પગના ઘૂંટણના ભાગે પણ ઈજા પહોંચી હતી.

જ્યારે મનહરભાઈને ડાબા પગના ઘૂંટીના ભાગે ઈજા થઈ હતી. બનાવ બાદ ટેમ્પો ચાલક નાસી ગયો હોવાની ફરિયાદના આધારે રાજપીપળા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### ગુજરાત બેસ્ટ MLA એવોર્ડ 2026ના સન્માન સાથે મહુધા વિધાનસભા વિસ્તારમાં આનંદની લહેર

## મહુધાનું ગૌરવ અને સનિષ્ઠ જનપ્રતિનિધિ : ધારાસભ્ય સંજયસિંહ વિજયસિંહ મહીડાનો સેવાપથ

ખેડા

ખેડા જિલ્લાની મહુધા વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરતા યુવા અને લોકપ્રિય ધારાસભ્ય શ્રી સંજયસિંહ વિજયસિંહ મહીડા (Sanjaysinh Mahida MLA) એ પોતાની અવિરત લોકસેવા અને વિસ્તારના સર્વાંગી વિકાસ પ્રત્યેની નિષ્ઠાથી એક અલગ ઓળખ ઊભી કરી છે. મહુધાના સ્થાનિક રહીશ તરીકે જન્મેલા અને વિસ્તારની દરેક સમસ્યાઓથી નજીકથી પરિચિત એવા સંજયસિંહ મહીડાનો જીવનપથ સાદગી, સંઘર્ષ અને જનકલ્યાણથી ભરેલો રહ્યો છે.

રાજકારણમાં સક્રિય થઈને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરનારા સંજયસિંહ મહીડા મૂળ વ્યવસાયે એક સફળ ઉદ્યોગપતિ રહી ચૂક્યા છે. વેપાર-રોજગારના ક્ષેત્રે મેળવેલા અનુભવને કારણે તેઓ સ્થાનિક




અર્થતંત્ર, ખેડૂતો અને યુવાનોની જરૂરિયાતોને ખૂબ સારી રીતે સમજે છે. શિક્ષણ અને સામાજિક જવાબદારીઓને પ્રાથમિકતા આપનાર સંજયસિંહ મહીડાના પત્ની તબીબી ક્ષેત્ર (ક્લિનિક) સાથે સંકળાયેલા હોવાથી તેમનો પરિવાર હંમેશા આરોગ્ય અને જનસેવાની પ્રવૃત્તિઓથી જોડાયેલો રહ્યો છે. સત્તાના અહમથી દૂર રહીને પોતાના વિસ્તારના નાનામાં નાના નાગરિક માટે ચોવીસે કલાક ઉપલબ્ધ રહેવું એ તેમની કાર્યશૈલીનું મુખ્ય પાસું રહ્યું છે. સર્વાંગી વિકાસ અને માળખાકીય સુવિધાઓ: મહુધાના અંતરિયાળ ગામડાઓ સુધી પાકા રસ્તા, પીવાના શુદ્ધ પાણી, વીજળી અને સિંચાઈની સુવિધાઓ પહોંચાડવી એ તેમનો મુખ્ય સંકલ્પ રહ્યો છે. સરકારી યોજનાઓનું છેવાડાના માનવી સુધી અમલીકરણ: રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ વચેટિયાઓ વગર સીધો જ સામાન્ય નાગરિકો, મહિલાઓ અને ખેડૂતો સુધી પહોંચે તે માટે તેઓ સતત ક્ષેત્રિય ભ્રમણ કરતા રહે છે. યુવા અને શિક્ષણ સશક્તિરણ: વિસ્તારના યુવાનોને સ્થાનિક સ્તરે જ રોજગારી અને શિક્ષણની યોગ્ય તકો મળે તે માટે તેઓ શૈક્ષણિક માળખું સુધારવા તત્પર રહે છે.

## નેત્રંગ-અંકલેશ્વર રોડ પર જીવલેણ અકસ્માત, 25 વર્ષીય યુવકનું મોત

વાલિયા

રક્ષાબંધનના પવિત્ર દિવસે નાંદોદ તાલુકાના બીતાડા ગામના 25 વર્ષીય યુવકનું માર્ગ અકસ્માતમાં મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. નેત્રંગ-અંકલેશ્વર રોડ પર મોદલીયા-પઠાર ગામના વળાંક પાસે બાઈક પૂરઝડપે ઝાડ સાથે અથડાતા યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મળતી માહિતી મુજબ, મૃતક નિલેશભાઈ ભરતભાઈ વસાવા (ઉં.વ. 25) રક્ષાબંધનની સાંજે આશરે 6 વાગ્યે કામ અર્થે અંકલેશ્વર જવા બાઈક પર નીકળ્યા હતા. તેઓ મોદલીયા તરફથી પઠાર ગામ તરફ આવી રહ્યા હતા ત્યારે વળાંક પાસે બાઈક પરથી કાબૂ ગુમાવતા બાઈક રોડની બાજુમાં આવેલા પીપળાના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્મતમાં નિલેશભાઈને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી તેમજ પગમાં ફ્રેક્ચર થયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે તેમને ઘટનાસ્થળે જ મૃત જાહેર



કરાયા હતા. દરમિયાન એક અજાણ્યા રાહદારીએ મૃતકના મોટાભાઈ કલ્પેશકુમાર વસાવાને ફોન કરી અકસ્માતની જાણ કરી હતી. પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે વાલિયા સરકારી હોસ્પિટલ લઈ જવાતો હતો. રક્ષાબંધનના દિવસે બહેનને ભાઈની રાખડી બાંધવાની ખુશી હતી, પરંતુ પરિવારને નિલેશના મોતના સમાચાર મળતાં ખુશીનો પ્રસંગ માતમમાં ફેરવાઈ ગયો. કલ્પેશકુમાર વસાવાએ વાલિયા પોલીસ મથકે અકસ્માત અંગે જાણ કરતાં પોલીસે અકસ્માતનો ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.


## તંત્રી લેખ...

# પાટીદાર અનામત આંદોલન: 14 શહાદતોની રાખ પર રચાયેલી સત્તાની સીડી અને હાર્દિક પટેલનો મહા-વિશ્વાસઘાત !

વર્ષ ૨૦૧૫નો એ ઓગસ્ટ મહિનો કોઈ ભૂલી શકે તેમ નથી. અમદાવાદનું જીએમડીસી મેદાન, લાખોની જનમેદની, એકી અવાજે ગુંજતો 'જય સરદાર, જય પાટીદાર'નો નારો અને મંચ પરથી લલકારતો એક ૨૨ વર્ષનો યુવાન. પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS)ના નામે જ્યારે હાર્દિક પટેલે એન્ટ્રી લીધી, ત્યારે આખા ગુજરાતે જોયું કે એક જ્ઞાતિનો આક્રોશ કેવો હોય છે. તત્કાલીન સરકારના પાયા હચમચી ગયા હતા, મંત્રીઓના સિંહાસન ડોલવા લાગ્યા હતા. પાટીદાર સમાજે પોતાના આ યુવા નેતામાં ક્રાંતિવીર સરદાર વલ્લભભાઈ પટેલની છબી જોઈ હતી. સમાજના વડીલોએ આશીર્વાદનો વરસાદ કર્યો, યુવાનોએ પોતાના ભવિષ્યની પરવા કર્યા વગર રાત-દિવસ એક કર્યા, અને ઉદ્યોગપતિઓ તથા સામાન્ય પરિવારોએ કરોડો રૂપિયાનું ભંડોળ આ આંદોલનના ચરણોમાં ધરી દીધું.

પરંતુ આઠ-નવ વર્ષના સમયગાળા બાદ, આજે જ્યારે આપણે આ આંદોલનનું સરવૈયું કાઢીએ છીએ, ત્યારે એક કાળજુ કંપાવી દેનારો સવાલ સામે આવે છે: જે આંદોલનમાં ૧૪ નિર્દોષ પાટીદાર યુવાનોના લોહી છંટાયા, એ આંદોલનનો અંતિમ લાભ કોને મળ્યો? સમાજને કે માત્ર હાર્દિક પટેલને?

### 14 યુવાનોની શહાદત, અનાથ બનેલા પરિવારો અને કાળજું કાપી નાખતી વાસ્તવિકતા




આંદોલનની લડાઈ વખતે જ્યારે પોલીસના દંડા વરસતા હતા, અશ્રુવાયુના ગોળા છૂટતા હતા અને ગોળીબાર થતા હતા, ત્યારે ૧૪ ઘરોના ચિરાગ કાયમ માટે બુઝાઈ ગયા.

કોઈ મા-બાપનો એકનો એક કમાતો દીકરો જતો રહ્યો, જેના વગર આજે એ વૃદ્ધ મા-બાપ રોટલા માટે મોહતાજ છે.

કોઈ બહેને પોતાનો વ્હાલસોયો ભાઈ ખોયો, જે દર રક્ષાબંધને તેની રક્ષાનું વચન આપતો હતો.

કોઈ નાની વયની દીકરીનો સુહાગ છીનવાઈ ગયો, અને તેનાં નાના બાળકોના માથેથી પિતાનો છાયડો કાયમ માટે ઊઠી ગયો.

જ્યારે આ ૧૪ યુવાનોના શબ ઘરના આંગણે આવ્યા ત્યારે મંચ પરથી મોટા મોટા ભાષણો આપવામાં આવ્યા હતા કે 'આ શહાદત એળે નહીં જાય', 'અંતિમ શ્વાસ સુધી પરિવારોની સાથે ઊભા રહીશું'. પરંતુ આજે પરિસ્થિતિ શું છે?

હજારથી વધુ યુવાનો પર દેશદ્રોહ, તોફાન અને સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડવાના કેસો નોંધાયા. કેટલાય યુવાનોનું કરિયર બરબાદ થઈ ગયું, સરકારી નોકરીઓની તકો છીનવાઈ ગઈ, અને કેટલાય યુવાનો જેલની હવા ખાઈ આવ્યા. જ્યારે આ સામાન્ય યુવાનો અને શહીદ પરિવારો કોર્ટ-કચેરીના ધક્કા ખાતા હતા, ત્યારે આંદોલનનો મુખ્ય ચહેરો પોતાની પોલિટિકલ કારકિર્દીનો નવો રોડમેપ બનાવી રહ્યો હતો.

### આંદોલન કે અંગત સેટલમેન્ટ? લડાઈથી લઈને શરણાગતિ સુધીની રમતો

જે હાર્દિક પટેલે ભાજપ સરકાર સામે ઝેર ઓક્યું હતું, જેણે 'હું કોઈ કાળે ભાજપમાં નહીં જોડાઉં' અને 'ભાજપને મત આપવો એ સમાજ સાથે દગો છે' જેવા સોગંદ ખાધા હતા, એ જ હાર્દિક પટેલ પહેલા કોંગ્રેસમાં કાર્યકારી પ્રમુખ બન્યો અને ત્યાંથી અચાનક પલટી મારીને ભાજપના ખોળામાં જઈને બેસી ગયો!

### સમાજના ચોરા પર અને ગુજરાતના રાજકારણમાં આજે આ પગલાં પાછળ બે મુખ્ય ચર્ચાઓ દાવ પર લાગેલી છે: જેલ અને કેસોનો ખૌફ

શું હાર્દિક પટેલ પર લાગેલા દેશદ્રોહના કેસો અને જેલ જવાની બીકે તે સરકાર સામે ઘૂંટણિયે પડી ગયો? શું તે કાયદાકીય સિકંજાથી બચવા માટે સમાજના સિદ્ધાંતોનો બલિભોગ આપીને સત્તાધારી પક્ષના શરણે ગયો?

### પૂર્વ-આયોજિત સોદો

કે પછી આ આંદોલન શરૂઆતથી જ એક રાજકીય હથિયાર હતું? પોતાના સ્વાર્થ માટે સમાજની લાગણીઓ ઉશ્કેરી, ભંડોળ એકઠું કરી, ૧૪ યુવાનોનો ભોગ લેવડાવીને અંતે વિરમગામથી ધારાસભ્યની ખુરશી મેળવવાનો આ એક મોટો ખેલ હતો?

### સમાજનો અગ્નિપરીક્ષા જેવો પ્રશ્ન: શું હાર્દિક પટેલ સમાજનો ગુનેગાર છે?

જ્યારે એક નેતા પોતાના સમાજના નામે કરોડો લોકોને શેરીઓમાં ઉતારે છે, ત્યારે તેની નૈતિક જવાબદારી સત્તા મેળવવા પૂરતી સીમિત નથી હોતી.

આજે વિરમગામના ધારાસભ્ય તરીકે હાર્દિક પટેલ સરકારી ગાડીઓમાં ફરે છે, પ્રોટોકોલ ભોગવે છે અને સત્તાના સુખ માણે છે. પરંતુ જે પરિવારોએ પોતાના દીકરા ખોયા છે, તેમના આંસુ લૂછવા માટે તેની પાસે સમય છે? જે યુવાનો આજે પણ કોર્ટના ચક્કર કાપી રહ્યા છે, તેમના માટે કોઈ નક્કર કામગીરી થઈ છે?

પાટીદાર સમાજ એક ખુમારી વાળો અને સ્વાભિમાની સમાજ ગણાય છે. જે સમાજે હાર્દિક પટેલને પોતાના મસ્તક પર બેસાડ્યો હતો, આજે એ જ સમાજનો બહુમતી વર્ગ પોતાને ઠગાયેલો અનુભવે છે.

સમાજમાં થતી આકરી ચર્ચાઓ મુજબ, હાર્દિક પટેલે ધારાસભ્ય બનીને પોતાનું અને પોતાના અંગત સાથીઓનું ભવિષ્ય તો ઉજ્જવળ કરી લીધું, પણ પાટીદાર સમાજના ઈતિહાસમાં ૧૪ યુવાનોના લોહીથી લખાયેલા પ્રકરણનો જવાબદાર કોણ? શું પોતાના રાજકીય ફાયદા માટે સમાજના બલિદાનનો ઉપયોગ કરનાર વ્યક્તિને સમાજ ક્યારેય માફ કરશે? આ પ્રશ્ન આજે પણ ગુજરાતના ખૂણે-ખૂણે ગુંજી રહ્યો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સંબંધોની પેલે પાર: સાચો પ્રેમ અંતરથી નહીં, પરમ અહેસાસથી જીવાય છે

જગતની આ ધમાચકડી અને દોડધામ વચ્ચે અમુક સંબંધો એવા હોય છે જે કોઈ જાગતિક સીમાઓ, શરતો કે ગણિતમાં બાંધી શકાતા નથી. કોઈ વ્યક્તિ જ્યારે આપણા દિલની એ ઊંડાઈમાં ઊતરી જાય છે જ્યાં માત્ર મૌનનો અવાજ સંભળાય છે, ત્યારે એ આપણી પાસે રહે છે કે હજારો માઈલ દૂર, તેનાથી કોઈ જ તફાવત પડતો નથી. સમય, સંજોગ અને ભૌતિક અંતરની તમામ દીવાલો ત્યાં ખરી પડે છે, જ્યાં લાગણીઓનો સંબંધ માત્ર ચહેરા કે શરીર કરતાં વધીને આત્માના સ્તરે જોડાઈ જાય છે.

આવા સાચા અને નિર્મળ પ્રેમનું સ્થાન ક્યારેય માત્ર આંખોમાં નથી હોતું, કે જે વ્યક્તિ નજર સામેથી હટે એટલે સ્મૃતિઓ પણ ઓઝલ થઈ જાય. તેનું સ્થાન તો આપણા ધબકારાની અંદર કોતરાઈ જાય છે. આંખો તો માત્ર બાહ્ય રૂપ અને ચહેરાઓને ઓળખે છે, પણ ધબકારા એ અસ્તિત્વની એવી ગૂઢ ભાષા છે જે ક્યારેય જૂઠું બોલતી નથી. જ્યારે પ્રેમ ધબકાર બની જાય, ત્યારે એ વ્યક્તિનો અહેસાસ આપણા દરેક શ્વાસમાં ઘૂંટાયેલો રહે છે. સવારે પડતી પહેલી કિરણ સાથે જે આંખ ખૂલે ત્યારે મનોમન તેનું સ્મરણ થાય અને રાતના ઘેરા એકાંતમાં તેની યાદો આપણી એકમાત્ર હમસફર બની રહે. જ્યારે આપણે ઈશ્વર પાસે શીશ નમાવીએ કે હાથ જોડીએ, ત્યારે આપણી દરેક પ્રાર્થનામાં અજાણતા જ પોતાના કરતાં પહેલાં તેની સુખ-શાંતિ અને સ્મિતની કામના વણાઈ જાય છે. આપણા હોઠ પર આવતા દરેક અચાનક સ્મિત પાછળ અને આંખોના ખૂણામાં ચમકતા દરેક હરખ પાછળ એ જ અદૃશ્ય પણ પાવન યાદ છુપાયેલી હોય છે.



### અંતર એ માત્ર ભ્રમ છે, લાગણીઓ જ એકમાત્ર સત્ય છે

લોકો અવારનવાર એવું માને છે કે સમય જતાં કે અંતર વધવાથી પ્રેમ ઓછો થઈ જાય છે, પણ વાસ્તવિકતા તદ્દન અલગ છે. ભૌતિક નિકટતા એ માત્ર શરીરનો સંગ છે, જ્યારે આંતરિક જોડાણ એ લાગણીઓની પરાકાષ્ઠા છે. સાચો પ્રેમ અંતરથી કે પરિસ્થિતિથી ક્યારેય કરમાતો નથી કે ઓછો થતો નથી. શરીર ભલે અલગ-અલગ શહેરોમાં, દેશોમાં કે સાવ જુદી પરિસ્થિતિઓમાં જીવતાં હોય, પણ જો બે દિલ એક જ તાલ પર ધડકતા હોય તો એ ભૌતિક અંતર માત્ર એક ભ્રમ બનીને રહી જાય છે.

પ્રેમ એ કશું મેળવવાની આશા નથી, પણ સતત આપવાની સાધના છે

ખરો પ્રેમ એ સામી વ્યક્તિને બાંધી રાખવાનો કે તેને મેળવવાનો મોહ નથી, પણ તેના અસ્તિત્વને, તેની ખુશીઓને પોતાની ભીતર જીવંત રાખવાની એક અદ્ભુત અને પવિત્ર સાધના છે. જ્યાં પ્રેમમાં સ્વાર્થ કે શરતો ઓગળી જાય છે, ત્યાં માત્ર એક અનંત અહેસાસ બચે છે. આ એ અહેસાસ છે જે વ્યક્તિ સામે ન હોય તો પણ તેના હોવાનો પાકો પુરાવો આપે છે. જે સંબંધમાં સાહચર્ય કરતાં પણ એકબીજા પ્રત્યેની આદરભાવના અને સમર્પણ મોટું હોય, તે સંબંધ સમયના કોઈ પણ વહેણ સામે ક્યારેય ઝૂકતો નથી.

### લાગણીઓની અપ્રતિમ અનુભૂતિ

જ્યારે તમે કોઈને હૃદયના ઊંડાણથી ચાહો છો, ત્યારે તમારું પોતાનું અસ્તિત્વ પણ તેના રંગમાં રંગાઈ જાય છે. તેની ખુશીમાં તમારો આનંદ અને તેના દુઃખમાં તમારી સંવેદના વહેવા લાગે છે. આ જ પ્રેમની સૌથી મોટી સુંદરતા છે - કે એ વ્યક્તિ દૂર રહીને પણ ક્ષણેક્ષણ તમારી સાથે જ જીવે છે. જે પ્રેમમાં સંયોગની ખુશી અને વિયોગની તપસ્યા બંને સ્વીકાર્ય બની જાય, એ જ પ્રેમ આ સંસારમાં અમર અને પરમ અહેસાસ બની રહે છે.

# કંગના રનૌતના નિવેદનથી ફરી રાજકીય વંટોળ

## "કોકરોચ દેખાશે તો ચપ્પલથી જ મરાશે, કઈ ચુંબન તો નહીં કરો ને!"

અભિજિત દીપક અને વિરોધીઓ પર ભાજપ સાંસદના તીખા પ્રહારો: 'CJP' (કોકરોચ જનતા પાર્ટી) ના નામે કટાક્ષ કરતાં રાજકારણ ગરમાયું

પોતાના નિવેદનોથી હંમેશા વિવાદોનો મધપૂડો છીંછરો કરનારા હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપના સાંસદ અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતે ફરી એકવાર અત્યંત વિવાદાસ્પદ અને ઘાતક નિવેદન આપીને રાજકીય માહોલ ગરમ કરી દીધો છે. આ વખતે કંગનાએ અભિજિત દીપક અને કથિત રીતે પોતાને કે પોતાની માનસિકતાને 'કોકરોચ' ગણાવતા રાજકીય વિરોધીઓ પર તીખો કટાક્ષ કરતા અસંવેદનશીલ અને સણસણતા શબ્દોનો પ્રયોગ કર્યો છે.

### પતંગિયા અને કોકરોચનું ઉદાહરણ આપી વિરોધીઓની સરખામણી કરી

માધ્યમો સાથેની વાતચીતમાં કંગના રનૌતે પોતાના અંદાજમાં વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 'જો કોઈ વ્યક્તિને ઘરમાં કે રસ્તા પર કોકરોચ દેખાશે, તો તેઓ તેને હાથમાં ઉપાડવાની જગ્યાએ ચપ્પલથી જ મારશે. જો પતંગિયું હોય તો લોકો તેને પોતાના હાથ પર બેસાડે છે કે તેની સાથે ફોટો પાડવાની કોશિશ કરે છે. પણ કોકરોચને તો ચપ્પલથી જ મરાશે, તેને કોઈ ચુંબન તો નહીં કરે ને!'

કંગનાના આ નિવેદનને સીધું જ 'CJP' એટલે કે વિરોધી રાજકીય વિચારધારા ધરાવતા નેતાઓ અને ટિકાકારો પરના સીધા આક્રમણ તરીકે જોવામાં આવી રહ્યું છે.

### સોશિયલ મીડિયા પર ઘમાસાણ: વિપક્ષે કર્યો આકરો પ્રહાર

કંગના રનૌતનું આ 'ચપ્પલ' અને 'કોકરોચ' વાળું નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ વિપક્ષી નેતાઓ અને પ્રબુદ્ધ નાગરિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

ભાષાની મર્યાદા નો ભંગ: વિરોધીઓનો આક્ષેપ છે કે એક જવાબદાર ભાજપ સાંસદ તરીકે કંગના રનૌત સતત જાહેરજીવનમાં ભાષાની મર્યાદાઓ વટાવી રહ્યા છે.

પોકળ વિવાદોનું રાજકારણ: પ્રજાના મૂળભૂત પ્રશ્નો જેવા કે મોંઘવારી અને બેરોજગારી પર બોલવાને બદલે આવી હલકી ગુણવત્તાવાળી નિવેદનબાજી કરીને કંગના માત્ર મીડિયા અટેન્શન મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

### ભાજપ હાઈકમાન્ડ માટે ફરી શિરદર્દ બન્યા કંગના!

અગાઉ પણ ખેડૂત આંદોલન અને વિવિધ વિવાદિત મુદ્દાઓ પર બોલીને પાર્ટીને બૅકફૂટ પર ધકેલી ચૂકેલા કંગના રનૌતના આ તાજા નિવેદનથી ભાજપ સંગઠન માટે ફરી એકવાર નવી મુશ્કેલી ઊભી થઈ છે. હવે જોવાનું એ રહેશે કે વિરોધીઓને 'કોકરોચ' કહીને ચપ્પલથી મારવાની વાત કરનારા ભાજપ સાંસદ સામે વિપક્ષ કેવા આકરા કાયદાકીય કે રાજકીય પગલાં ભરે છે.

# બેંક લોન હેયરકટ અને રાઈટ-ઓફ મુદ્દે રાજકીય સંગ્રામ

## NCLT ના નિર્ણયો અને બેંકો દ્વારા લોન માંડી વાળવા સામે વિપક્ષના સનસનાટીભર્યા આક્ષેપો, અબજોના દેવા માફી મુદ્દે ચર્ચા ગરમ

દેશના અર્થતંત્ર અને બેંકિંગ ક્ષેત્ર સાથે જોડાયેલા કેટલાક મોટા વિવાદો તથા નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) ની ઈન્સોલ્વન્સી (દિવાળિયાપણું) પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. દેશના મોટા ઉદ્યોગપતિઓના હજારો કરોડ રૂપિયાના દેવા અત્યંત નજીવી રકમ વસૂલીને અથવા તો બેંકો દ્વારા રાઈટ-ઓફ (માંડી વાળીને) પતાવવામાં આવી રહ્યા હોવાનો મુદ્દો અત્યારે રાજકીય અને આર્થિક વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. મોટા આંકડા અને વિવાદના મુખ્ય કિસ્સા અનિલ અંબાણી જૂથ: NCLT પ્રક્રિયા હેઠળ અનિલ અંબાણી જૂથ કંપનીઓનું આશરે ૪૭,૦૦૦ કરોડનું ગંજાવર દેવું માત્ર ૪૫૫ કરોડના સેટલમેન્ટ કે હેયરકટ સાથે પતાવવામાં આવ્યું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. સુભાષ ચંદ્રા / ઝી ગ્રુપ: સુભાષ ચંદ્રા સંબંધિત ૨૨,૦૦૦ કરોડની લોન પતાવવા માટે માત્ર ૬.૫ કરોડ ચૂકવવામાં આવ્યા હોવાના દાવો કરવામાં આવી રહ્યો છે. બેંક ઓફ બરોડા (BoB): જાહેર ક્ષેત્રની બેંક ઓફ બરોડા દ્વારા ૧૦૦ કરોડથી વધુની રકમ ધરાવતી કુલ ૩૫,૭૦૦ કરોડની બેડ લોન (અસૂલ ન થઈ શકે તેવું દેવું) રાઈટ-ઓફ (માફ/માંડી વાળી) કરવામાં આવી હોવાના અહેવાલોથી ખળભળાટ મચ્યો છે. બિઝનેસ ગ્રુપ્સની લોન માફીનો મુદ્દો: અગાઉ અદાણી સહિતના મોટા ઔદ્યોગિક ગૃહોની લાખો કરોડની લોન માંડી વાળવામાં આવી હોવાના મુદ્દા પણ સપાટી પર આવ્યા છે. સરકાર અને વિપક્ષ સામસામે: 'સંગઠિત લૂંટ' નો આક્ષેપ આ મુદ્દે વિરોધ પક્ષો દ્વારા કેન્દ્ર સરકાર અને બેંકિંગ સિસ્ટમ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે. વિપક્ષોનો આરોપ છે કે સામાન્ય નાગરિક કે ખેડૂતોની નાની લોન માટે કડક કાર્યવાહી કરતી બેંકો અને તંત્ર, મોટા અબજોપતિઓ માટે હજારો કરોડના 'હેયરકટ' (રકમમાં મોટો કાપ) મંજૂર કરી રહી છે. વિરોધીઓ આ પ્રક્રિયાને દેશના નાણાંની સત્તાવાર કે સંગઠિત લૂંટ ગણાવી રહ્યા છે. રિઝર્વ બેંક અને સરકારની સ્પષ્ટતા બીજી તરફ, બેંકિંગ નિષ્ણાતો અને સરકારનું કહેવું છે કે NCLT અને IBC (ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ) એ એક સ્વતંત્ર કાયદાકીય પ્રક્રિયા છે, જેમાં બેંકો પોતાની બાકી નીકળતી રકમમાંથી મહત્તમ વસૂલાત કરવાનો પ્રયાસ કરે છે. આ ઉપરાંત, 'રાઈટ-ઓફ' કરવાનો અર્થ લોન સંપૂર્ણ માફ કરવી નથી હોતો, પરંતુ બેંક પોતાના ચોપડા ચોખ્ખા કરવા માટે તેને નોન-પર્ફોર્મિંગ એસેટ (NPA) તરીકે દર્શાવે છે અને વસૂલાતની કાર્યવાહી ચાલુ જ રહે છે.

# ભારતીય રેલવેના નક્શામાં ભુતાન પણ જોડાશે, 3500 કરોડ ખર્ચાશે

ભારત અને ભુતાન વચ્ચે રેલ કનેક્ટિવિટી મજબૂત કરવા માટે કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. બંને દેશોને જોડતી આશરે 57.5 કિલોમીટર લાંબી કોકરાઝાર-ગેલેફુ રેલવે લાઈનના નિર્માણ માટે સરકારે આશરે 3,500 કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ નક્કી કર્યો છે. કેન્દ્રીય રેલવે મંત્રાલયે આ પ્રોજેક્ટને 'સ્પેશિયલ રેલ પ્રોજેક્ટ' (વિશેષ રેલવે પ્રોજેક્ટ)નો દરજ્જો આપ્યો છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ ભુતાન સીધું ભારતીય રેલ નેટવર્ક સાથે જોડાઈ જશે. 2029 સુધીમાં ભુતાન સુધી ટ્રેન સેવા પહોંચી શકે છે ભારત સરકાર પૂર્વોત્તર ક્ષેત્ર અને પડોશી દેશો સાથે વ્યૂહાત્મક રીતે રેલ કનેક્ટિવિટી મજબૂત બનાવી રહી છે. સિક્કિમને ભારતીય રેલ નેટવર્ક સાથે જોડવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે, સાથે જ રેલવે લાઈન ભુતાન સુધી લંબાવવામાં આવી રહી છે. યોજના અનુસાર, વર્ષ 2027 સુધીમાં સિક્કિમમાં અને વર્ષ 2029 સુધીમાં ભુતાનમાં ટ્રેન સેવાઓ શરૂ કરવાનો અંદાજ છે. કોકરાઝાર-ગેલેફુ રેલવે લાઈનને 'સ્પેશિયલ રેલ પ્રોજેક્ટ'નો દરજ્જો મળવાથી જમીન સંપાદન, જંગલ અને પર્યાવરણીય મંજૂરીઓ તેમજ અન્ય વહીવટી પ્રક્રિયાઓ ઝડપી બનશે. આ રેલવે ભારત અને ભુતાન વચ્ચે વેપાર, પ્રવાસન અને લોકો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને સુદ્રઢ બનાવશે. આ ઉપરાંત, ભુતાનના મહાત્વાકાંક્ષી 'ગેલેફુ માઈન્ડફુલનેસ સિટી' પ્રોજેક્ટને પણ ભારતીય રેલ નેટવર્ક સાથે સીધું જોડાણ મળશે.

# મનુસ્મૃતિને અન્યાય: સનાતન હિંદુ ધર્મ વિચારધારાનું ખંડન..!!?!

મનુસ્મૃતિ એક એવો ગ્રંથ છે કે જે હિંદુ સનાતન ધર્મ માટે મેરુદંડ તથા સમાજ વ્યવસ્થાની ગુરુ ગીતા છે. એવું કહેવાય છે કે બ્રહ્માએ આ ગ્રંથ ભગવાન મનુને કહી સંભળાવ્યો. મનુએ પછીથી મરિચિ, ભૃગુ આદિ ઋષિઓને કહી સંભળાવ્યો. તેથી ભૃગુ ઋષિ તેના કહેનાર તરીકે અંતિમ મહામુનિ અથવા સર્જક ગણી શકાય. માટે જ આ ગ્રંથને ભૃગુસંહિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનો પહેલો મુસદ્દો ઈ.સ. પૂર્વે 1200 થી ઈ.સ. પૂર્વે 600 સુધી તૈયાર થયાનું મેક્સ મૂલર જેવા ઈતિહાસકારો, સંશોધકો બતાવી રહ્યા છે. કુલ 12 અધ્યાય અને 2600 થી વધારે શ્લોક ધરાવતો આ મહાગ્રંથ આપણી ઐતિહાસિક પરંપરાના એક શિલાલેખ તરીકે તેની સદા વંદના અને પૂજા કરતા રહેવું જોઈએ, તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

તાજેતરના એક કાર્યક્રમમાં જે રીતે રાહુલ ગાંધી મનુસ્મૃતિને ભાંડી રહ્યા છે, તેનાથી વાસ્તવમાં આ ગ્રંથને એકપક્ષીય રીતે અન્યાય કરવામાં આવી રહ્યો છે તેવું સ્પષ્ટ દેખાય છે. જે વ્યક્તિઓએ તેમાં પછી મહિલાઓ કે પુરુષો કોઈ પણ હોય, તેમણે ગ્રંથાભ્યાસ કર્યો નથી પરંતુ ગ્રંથાવલોકનને સાંભળ્યું છે. માટે આ કથન એકતરફી હોય તે સંભવ છે. એ શ્રોતાઓના મનમાં મનુસ્મૃતિને એકતરફી જોઈને અન્યાય થઈ શકે.

જે રીતે સ્ત્રી અવમાનના કે સ્ત્રીને અન્યાયની રીતે પ્રસ્તુત કરવાનો આક્ષેપ થઈ રહ્યો છે, તે એક રીતે બેબુનિયાદ નહીં પરંતુ તટસ્થ તો કહી શકાશે નહીં! કારણ કે એવા શ્લોકો પણ આ ગ્રંથમાં મૂકવામાં આવ્યા છે કે જેમાં સ્ત્રીને શક્તિસ્વરૂપે, માતૃસ્વરૂપે અને દેવી સ્વરૂપા અંકિત કરવામાં આવી છે. કેમકે આપણે જોઈએ તો શ્લોક 3/56 દર્શાવે છે કે

'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ।
યત્રૈતાસ્તુ ન પૂજ્યન્તે સર્વાસ્તત્રાફલાઃ ક્રિયાઃ॥'

જ્યાં નારીનું પૂજન થાય છે ત્યાં દેવતાઓ રમે છે અને જ્યાં સન્માન નથી ત્યાં સર્વ સત્કર્મો નિષ્ફળ જાય છે.

એવો જ બીજો શ્લોક 3/55 કહે છે -

'પિતૃભિર્ભ્રાતૃભિશ્ચૈતાઃ પતિભિર્દેવરૈસ્તથા।
પૂજ્યા ભૂષયિતવ્યાશ્ચ બહુકલ્યાણમીપ્સુભિઃ॥'

અર્થાત્ જે પુરુષો પોતાનું કલ્યાણ ઈચ્છે છે, તેમણે પિતા, ભાઈ, પતિ અને દિયર તરીકે સ્ત્રીઓનું સન્માન કરવું જોઈએ અને તેમને આભૂષણો આપવા જોઈએ.

બીજો શ્લોક કહે છે -



'શોચન્તિ જામયો યત્ર વિનશ્યત્યાશુ તત્કુલમ્ન શોચન્તિ તુ યત્રૈતા વર્ધતે તદ્ધિ સર્વદા॥'

આ શ્લોકનો સાર એવો છે કે જે કુળમાં સ્ત્રીઓ દુઃખી રહે છે તે કુળ જલદી નાશ પામે છે અને જ્યાં તે દુઃખી નથી તે કુળ હંમેશા વૃદ્ધિ પામે છે.

સમગ્ર રીતે આ બધા શ્લોકો સ્ત્રીનું સન્માન કરતા, સ્ત્રીનું મહત્વ દર્શાવતા અને સ્ત્રીને પૂજનીય ગણાવતા અને સ્ત્રીનું સામર્થ્ય શક્તિની વંદના કરતા દર્શાવાયા છે, તે મનુસ્મૃતિમાં છે.

હા, ચોક્કસ શ્લોક નંબર 9/3 માં કહેવાયું છે કે બાળપણમાં સ્ત્રીએ પિતાના વશમાં, યુવાનીમાં પતિના વશમાં અને અંતિમ સમયે પુત્રના આશ્રયમાં રહેવું જોઈએ અને સ્ત્રીએ ક્યારેય સ્વતંત્રતા ન ભોગવવી જોઈએ.

એક શ્લોક 9/26 કહે છે -

''પ્રજનાર્થં મહાભાગાઃ પૂજાર્હા ગૃહદીપ્તયઃ।
સ્ત્રિયઃ શ્રિયશ્ચ ગેહેષુ ન વિશેષોઽસ્તિ કશ્ચન॥''

અર્થાત્ સ્ત્રી સંતાન ઉત્પત્તિ માટે મહા ભાગ્યશાળી છે, પૂજનીય છે, ઘરની શોભા છે અને ઘરમાં લક્ષ્મી સમાન છે.

આ બંને શ્લોકને ક્વોટ કરીને મનુસ્મૃતિ પર પ્રહારો થઈ રહ્યા છે, તે કેટલા અંશે યોગ્યતા ધરાવે છે તે તમે પણ નક્કી કરી શકો. સંભવ છે કે સ્ત્રીને આશ્રિત તરીકે પ્રસ્થાપિત કરવા માટે જે એક શ્લોક આપવામાં આવ્યો છે, તેમાં જે તે વખતની સ્થિતિ અને વાતાવરણ વ્યવસ્થાને જોઈને વગેરેને ધ્યાનમાં લઈને આ શ્લોક કદાચ મૂકવામાં આવ્યો હોય તે સંભવ છે. દરેક સમય, કાળ અને વ્યવસ્થા મુજબ બધું જ પરિવર્તનશીલ હોય છે. તેથી આપણે તેમના સ્વતંત્રતાના વિષયને તે કાળના સમય પૂરતો મર્યાદિત ગણીને આગળ વધવું જોઈએ. સ્ત્રીનું અહીં જે લોકોને અપમાન દેખાય છે તેને આપણે સન્માનમાં તબદીલ કરી શકીએ તેમ છીએ. કારણ કે તે શ્લોકમાં એમ કહેવાયું છે કે સ્ત્રી સંતાન ઉત્પત્તિ કરે છે માટે તે મહાન છે, ભાગ્યવાન છે. સ્વાભાવિક છે કે એટલે તેમનું મહત્વ અને તેની વંદનાને પ્રસ્થાપિત કરવા માટે આ શ્લોક પક્ષધર બની શકે તેવો છે. શા માટે આપણે તેમને એક સાધન તરીકે ગણીને અન્યાય કરીએ?!! જો કરીએ છીએ તો તે આપણો એકપક્ષીય દૃષ્ટિકોણ છે તેમ સાબિત થાય.

સમગ્ર રીતે એટલું ચોક્કસ કહી શકાય કે મનુસ્મૃતિ એ રાજનીતિનો વિષય નથી, પરંતુ ધર્મનીતિ અને તેનાથી સમગ્ર સમાજ વ્યવસ્થાની ચાવીરૂપ આ મહાગ્રંથની વંદના કરવી ઘટે. જો એવું જ ના હોય તો બાલી, મ્યાનમાર અને બીજા અન્ય દેશોમાં આ ગ્રંથનું મહત્વ શા માટે સ્વીકારવામાં આવતું હોય!? રાહુલ ગાંધી સંભવ છે કે આ ગ્રંથને કેન્દ્રમાં મૂકીને માત્ર મહિલાઓને જ નહીં પરંતુ અનુસૂચિત વર્ગના લોકોની પણ લાગણીને જીતવાનો પ્રયત્ન કરતા હોય, પરંતુ આ શોર્ટકટ તેમને કોઈ લાભ અપાવી શકે તેવું દેખાતું નથી!!

રાજકીય માઈલેજ માટે હંમેશા દૃષ્ટિકોણ અને દાવ કારણરૂપ હોય છે. જો તેમાં તમે નિષ્ફળ જાવ છો તો તમે સત્તા સુધીના પગથિયાની કોરે કદી પણ પહોંચી નહીં શકો!?

**-તખુભાઈ સાંડસુર**



### યુવાન અન્ય લોકોને રોજગારી આપનારો બન્યો, Gen Z માટે 'મન કી બાત'ના 137મા એપિસોડનું પ્રસારણ

# કુડાસણમાં જગદીશ વિશ્વકર્માનો યુવા સંવાદ






છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ગાંધીનગરના કુડાસણ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય 'મન કી બાત' કાર્યક્રમના 137મા એપિસોડનું ખાસ પ્રસારણ યોજાયું હતું. આ કાર્યક્રમમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવાનો સાથે બેસીને પ્રસારણ નિહાળ્યું હતું અને ત્યારબાદ તેમની સાથે દેશના વિકાસ તેમજ યુવા શક્તિના યોગદાન અંગે આત્મીય સંવાદ સાધ્યો હતો.

આ સંવાદ દરમિયાન પ્રદેશ અધ્યક્ષે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યુવા ફ્રેન્ડલી અભિગમ અને દેશહિતની વિવિધ યોજનાઓના કારણે ભારતમાં એક નવી અને મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ આકાર પામી છે.


આજે દેશનો યુવાન માત્ર નોકરી શોધનારો નથી રહ્યો.પરંતુ ઈનોવેશન આધારિત સફળ સ્ટાર્ટઅપ ઊભા કરીને અન્ય લોકોને રોજગારી આપનારો બન્યો છે. ભારતની યુવા શક્તિમાં રહેલું અપાર કૌશલ્ય જ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાનો મુખ્ય પાયો છે.

કેન્દ્ર સરકારની નીતિઓની સકારાત્મક અસરોનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, એક સમયે ભારત ડિફેન્સ ક્ષેત્રે આયાત પર નિર્ભર હતું અને દેશમાં મોબાઈલ મેન્યુફેક્ચરિંગ નહિવત હતું. પરંતુ આજે સ્થિતિ બદલાઈ છે; ભારત ડિફેન્સ ક્ષેત્રે કરોડો રૂપિયાના સાધનોની નિકાસ કરી રહ્યું છે અને મોબાઈલ ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રણી સ્થાન ધરાવે છે. વર્તમાન ભારતમાં નાનકડી પિનથી લઈને વિમાન સુધીનું ઉત્પાદન મેક ઈન ઈન્ડિયા'

ગુજરાતના વિકાસ મોડેલને યાદ કરતા તેમણે કહ્યું કે, 2001ના ભયાનક ભૂકંપ બાદ નરેન્દ્ર મોદીના દુરંદેશી નેતૃત્વમાં કચ્છ સહિત સમગ્ર ગુજરાત ફરી બેઠું થયું અને આજે દેશ માટે એક રોલ મોડેલ સ્ટેટ બન્યું છે. આ પ્રસંગે ગાંધીનગર શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે સહિત પક્ષના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા. ઉપસ્થિત યુવાનોએ મન કી બાતને પ્રેરણાદાયી ગણાવીને દર મહિને આ કાર્યક્રમ સાંભળવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### છોટાઉદેપુરના સિંગલા પાસે ધડાકાભેર અકસ્માત સર્જાતા બે ઘાયલ

## છોટાઉદેપુર નજીક આવેલ સીંગલા ઘાટી પાસે બે વ્યક્તિઓનો ગમખ્વાર અકસ્માત



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

પૂર ઝડપે લઈને જતા હતા બે વ્યક્તિઓ નો અકસ્માત થતાં સારવાર અર્થે છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પ્રાપ્ત માહિતી અનુસાર છોટાઉદેપુરના સિંગલા ગામ પાસે આજરોજ સમી સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો જેમાં વોક્સવેગન કાર લઈને જતા બે વ્યક્તિઓ જેમાં ચીમનભાઈ રમણભાઈ રાઠવા અને ભુવનભાઈ સુરતનભાઈ રાઠવા જેઓની કાર પુર ઝડપે જતી હોય અને અચાનક પેટ્રોલપંપ થી નજીક થોડા અંતરે સ્ટયેરિંગ પરથી કાબુ ગુમાવી દેતા કાર અચાનક ઝાડ સાથે ભટકાઈ ગઈ હતી અને કારની એર બેગો પણ ખુલી ગઈ હતી જ્યારે બંને વ્યક્તિઓ ને ગંભીર ઈજાઓ પહોંચતા 108 એમ્બ્યુલન્સ મારફતે છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાં બેઠેલી બંને વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે જ્યારે ઘટના બનતા આસપાસના લોકો અને વાહન ચાલકો એકત્રિત થઈ ગયા હતા અને બંને ઘાયલ વ્યક્તિઓને સારવાર અર્થ ખસેડવામાં મદદ કરી હતી હાલમાં વધી રહેલા ટ્રાફિકને કારણે અકસ્માતોના બનાવ વધી રહ્યા છે જે અંગે તંત્ર દ્વારા સચોટ નિરાકરણ લાવવામાં આવે તે ખૂબ જરૂરી છે

### ડિપોઝિટના ₹2 હજાર માટે ચાર મહિનાથી ધક્કા

## શિનોર તાલુકા પંચાયતના ઉમેદવારને ચૂંટણી અધિકારીના ધક્કા; તંત્ર સામે સવાલો ઉઠ્યા

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકા પંચાયતની સાધલી- 1 બેઠક ઉપર ઉમેદવારી કરનાર ને ચૂંટણી પૂરી થયાના 4 માસ પછી પણ ડિપોઝિટ પરત આપવામાં ધક્કા થાય છે.

શિનોર પંચાયત સભ્યોની ચૂંટણી માટે ડિપોઝિટ રૂપિયા 2000 અને જિલ્લા પંચાયત માટે રૂપિયા 4000 ભરાવવામાં આવી હતી. શિનોર તાલુકા પંચાયતની 16 બેઠકો માટે 56 ફોર્મ ભરાયા હતા એટલે કે રૂપિયા 1 લાખ 12 હજાર અને જિલ્લા પંચાયતની છ બેઠકોના 4,000 લેખે 24,000 ડિપોઝિટ જમા થયેલ હતી. તારીખ 28 એપ્રિલ 2026 મતગણતરી પૂરી થઈ હતી અને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સાધલી -1 બેઠક ઉપરના ઉમેદવારને આજે ચાર મહિના થયા હોવા છતાં પણ ડિપોઝિટના રૂપિયા 2000 પરત આપવામાં અધિકારી દ્વારા ગલ્લા તલ્લા કરવામાં આવે છે અને ધક્કા ખવડાવવામાં આવે છે. આપવા પાત્ર ડિપોઝિટ પરત આપવામાં અધિકારીઓના પેટમાં શું દુઃખે છે, તે ચર્ચાનો વિષય બનેલ છે. ચૂંટણીના હિસાબો પણ નિયત સમયમાં જમા કરવામાં આવ્યા હતા.છતાં પણ ડિપોઝિટ પરત આપવામાં આવી નથી.

કરજણ સખી મંડળ દ્વારા વડાપ્રધાન ના તારીખ 11 મે 2026 વડોદરા ના કાર્યક્રમ માટે 2000 ફુડ પેકેટ તૈયાર કર્યા હતા, જેના 3,80,000 હજુ પણ લેવાના બાકી છે, તથા જુલાઈ 2025 માં સરપંચોની ગાંધીનગર મુકામે ભરાયેલ મિટિંગમાં કરજણ સખી મંડળ દ્વારા રૂપિયા 200 લેખે 100 ડીસો તૈયાર કરી હતી ,તેના પણ રૂપિયા 20,000 લેવાના બાકી છે ,એ સમાચારની શાહી સુકાઇ નથી, ત્યાં તો શિનોર તાલુકા પંચાયતના ચુંટણી અધિકારી દ્વારા ચુંટણી ડિપોઝિટના નાણાં પરત અપાતા નથી, એની બૂમ ઉઠેલ છે.

સરકારી તંત્ર આની તપાસ કરીને વહેલામાં વહેલી તકે આપવા પાત્ર ડિપોઝિટના નાણા પરત આપે એવી માંગ છે.

## Blinkit સ્ટોરમાં બગડેલા શાકભાજી મળ્યા, ફૂડ વિભાગે ફટકારી નોટિસ

ભરૂચ




ઓનલાઈન ઓર્ડર કરો અને મિનિટોમાં ઘરે પહોંચતા ખાદ્યપદાર્થોની ગુણવત્તા સામે ભરૂચમાં ગંભીર સવાલ ઊભો થયો છે. બ્લુચિપ કોમ્પ્લેક્સમાં આવેલા Blinkit સ્ટોરમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગે અચાનક ચેકિંગ કરતાં ખાદ્ય સામગ્રીના સંગ્રહ અને સ્વચ્છતાના નિયમોના ધજાગરા ઉડતા હોવાનું સામે આવ્યું હતું.

ચેકિંગ દરમિયાન કોલ્ડ સ્ટોરેજ સહિતના વિસ્તારોની તપાસ કરતાં બગડી ગયેલા શાકભાજી મળી આવ્યા હતા. ખાદ્ય ચીજવસ્તુઓના યોગ્ય સંગ્રહ માટે જરૂરી વ્યવસ્થાનો અભાવ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવામાં બેદરકારી હોવાનું તપાસમાં નોંધાયું હતું. 'મિનિટોમાં ડિલિવરી' પહેલાં સામાનની ગુણવત્તા કેટલી ચકાસાય છે? આ સવાલ હવે ગ્રાહકોમાં ચર્ચાઈ રહ્યો છે. ખાદ્ય સામગ્રી સાથે બેદરકારી ગ્રાહકોના આરોગ્ય માટે ગંભીર બની શકે છે ત્યારે ફૂડ એન્ડ ડ્રગ વિભાગે નિયમોના ઉલ્લંઘન બદલ સ્ટોરને નોટિસ ફટકારી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઓનલાઈન ગ્રોસરી અને ફૂડ ડિલિવરીનો વધતો વ્યાપ જોતા આવા સ્ટોર્સમાં સ્વચ્છતા, કોલ્ડ સ્ટોરેજ અને ખાદ્ય સામગ્રીની ગુણવત્તાની નિયમિત ચકાસણી જરૂરી બની છે.

### જંબુસરમાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત

## ધારાસભ્ય દેવકિશોરદાસ સ્વામીએ નર્મદા નહેરનું પાણી છોડવા મુખ્યમંત્રીને પત્ર લખ્યો

ભરૂચ, રંગુની જાકીર



જંબુસર-આમોદ વિધાનસભા વિસ્તારમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતા વધી છે. અપૂરતા વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ઉભા પાકને સિંચાઈ માટે તાત્કાલિક પાણીની જરૂરિયાત ઊભી થઈ છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને જંબુસરના ધારાસભ્ય દેવકિશોરદાસ સ્વામીએ મુખ્યમંત્રીને પત્ર લખી જંબુસર અને આમોદ તાલુકાના બાકી રહેલા ગામો તથા ખેતીવાડી વિસ્તારોમાં નર્મદા નિગમની નહેરનું પાણી તાત્કાલિક છોડવાની માંગ કરી છે.


ચાલુ ચોમાસાની સિઝનમાં પૂરતો વરસાદ ન પડતા અનેક ખેડૂતોના ઉભા પાક પર નુકસાનનું સંકટ ઊભું થયું છે. જંબુસર અને આમોદ તાલુકાના અનેક ખેડૂતો ખેતી માટે નર્મદા નહેરના પાણી પર નિર્ભર છે. વરસાદ ખેંચાતા પાકને જરૂરી પાણી મળી રહે તે માટે નહેરનું પાણી સમયસર છોડવું જરૂરી બન્યું છે.

ધારાસભ્ય દેવકિશોરદાસ સ્વામીએ મુખ્યમંત્રીને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, સમયસર નહેરનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે તો ખેડૂતોના ઉભા પાકને બચાવી શકાય તેમ છે. તેમણે નર્મદા નિગમના સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી બાકી રહેલા ગામો અને ખેતીવાડી વિસ્તારો સુધી નહેરનું પાણી પહોંચાડવા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ધારાસભ્યએ મુખ્યમંત્રીને આ મામલે તાત્કાલિક હકારાત્મક નિર્ણય લઈ ખેડૂતોને રાહત આપવા અપીલ કરી છે. નહેરનું પાણી સમયસર ઉપલબ્ધ થાય તો વરસાદની અછત વચ્ચે ખેડૂતોને મોટી રાહત મળી શકે તેમ છે.

## નર્મદા કિનારે નવજાત બાળકીનો મૃતદેહ મળતાં અરેરાટી

### માછીમારોની નજર પડી, પોલીસ દોડી આવી; 'માતાની મમતા'ને કલંકિત કરતી ઘટનાથી અંકલેશ્વરમાં ચકચાર



અંકલેશ્વર

અંકલેશ્વર નજીક નર્મદા નદીના કિનારે બિનવારસી હાલતમાં નવજાત બાળકીનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ હતી. નદી કિનારે માછીમારી કરી રહેલા માછીમારોની નજર અચાનક મૃતદેહ પર પડતાં ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. માહિતી મળતાં સામાજિક આગેવાન ધર્મેશ સોલંકી સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે નવજાત બાળકીના મૃતદેહને પોલીસને સોંપ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બાળકીનું મોત કેવી રીતે થયું? કોણ તેને નદી કિનારે મૂકી ગયું? તે સહિતના સવાલો હાલ પોલીસ તપાસના કેન્દ્રમાં છે. પોલીસે સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કરી મૃતદેહની ઓળખ તેમજ ઘટનાના કારણો અને જવાબદાર વ્યક્તિ સુધી પહોંચવા કવાયત હાથ ધરી છે. નિર્દોષ નવજાતને જન્મ બાદ તરછોડી દેવાની આ ઘટનાએ માનવતાને પણ સવાલોના ઘેરામાં મૂકી છે. બાળકીના મૃતદેહને બિનવારસી હાલતમાં છોડી જનાર સામે કડક કાર્યવાહી થાય અને સમગ્ર હકીકત બહાર આવે તેવી માંગ સ્થાનિકોમાં ઉઠી છે.

### છોટાઉદેપુરમાંથી એક સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા

## વાઘસ્થળ ડુંગરની તળેટીમાંથી યુવાનની શંકાસ્પદ હાલતમાં લાશ મળી, વિસ્તારમાં ચકચાર!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા



છોટાઉદેપુરમાંથી એક સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. છોટાઉદેપુરના પ્રખ્યાત વાઘસ્થળ ડુંગરની તળેટીમાંથી એક યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. મૃતક યુવાનની ઓળખ માણકા ગામના રેહવાસી મેહુલ રાઠવા તરીકે થઈ છે. યુવાનનું મોત અકસ્માત છે, આત્મહત્યા કે પછી તેની પાછળ કોઈ ષડયંત્ર અથવા હત્યા છે–તે અંગે હાલ અનેક સવાલો ઊભા થયા છે. ઘટનાની વિગત મુજબ, વાઘસ્થળ ડુંગરની તળેટીમાં અજાણ્યા યુવાનનો મૃતદેહ પડ્યો હોવાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ઘટના અંગે તુરંત જ સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન માણકા ગામનો મેહુલ રાઠવા હોવાનું ખુલ્યું છે. પોલીસે તુરંત જ મૃતદેહનો કબજો મેળવી તેને પંચનામા બાદ પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો છે.

યુવાન ડુંગરની તળેટી સુધી કઈ રીતે પહોંચ્યો અને તેનું મોત કયા સંજોગોમાં થયું તે અંગે હાલ રહસ્ય ઘેરાયું છે. પોલીસે મૃતકના પરિજનો અને આસપાસના વિસ્તારના લોકોની પૂછપરછ હાથ ધરી છે.

હાલ તો પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને વિવિધ પાસાઓ પર તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. યુવાનનું મોત અકસ્માતથી થયું છે, તેણે આત્મહત્યા કરી છે કે પછી તેની હત્યા કરવામાં આવી છે–તે અંગેનો સાચો ભેદ હવે પોલીસ તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ ઉકેલાશે.

## છોટાઉદેપુરમાં તળાવમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુરથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. છોટાઉદેપુર શહેરમાં આવેલા શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર નજીકના તળાવમાંથી એક અજાણ્યા ઈસમની લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.'

'વિગતવાર માહિતી મુજબ, છોટાઉદેપુર સ્થિત શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં આવેલા તળાવમાં આજે સ્થાનિક લોકોએ એક પુરુષનો મૃતદેહ તરતો જોયો હતો. તળાવમાં લાશ હોવાની વાત વાયુવેગે પ્રસરી જતાં જ આસપાસના લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા.'

'બનાવ અંગે સ્થાનિકો દ્વારા તાત્કાલિક પોલીસ તેમજ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોઈને છોટાઉદેપુર પોલીસની ટીમ અને ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર વિભાગની ટીમે ભારે જહમત બાદ મૃતદેહને તળાવમાંથી બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.'

'મૃતક ઈસમ કોણ છે અને તેનું મોત કયા સંજોગોમાં થયું છે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી મળી શકી નથી. હાલ પોલીસે અજાણ્યા ઈસમની ઓળખ છતી કરવા અને ઘટનાનું સાચું કારણ જાણવા માટે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.'

### દાંતા-હડાદ તાલુકાની

## આંગણવાડીનું નામ ખરાબ થાય તે પહેલાં વિતરણ કરનારને બદલવાની માંગ

### આંગણવાડી બહેનો અને સીડીપીઓની કામગીરી સરાહનીય, વિવાદમાં રહેલા વિતરણકર્તાને બદલવા લોકોની માંગ





દાંતા

દાંતા-હડાદ તાલુકામાં આંગણવાડી બહેનો તેમજ સીડીપીઓ દ્વારા હાલ સરાહનીય કામગીરી કરવામાં આવી રહી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. આંગણવાડીની કામગીરી સારી રીતે ચાલી રહી હોય ત્યારે વિતરણની જવાબદારી વિવાદમાં રહેલા વ્યક્તિને સોંપવામાં આવતા લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિક લોકોની માંગ છે કે, દાંતા-હડાદ તાલુકાની આંગણવાડીનું નામ ખરાબ થાય તે પહેલાં વિતરણની જવાબદારી સંભાળનાર વ્યક્તિને તાત્કાલિક બદલવામાં આવે.

લોકોનું કહેવું છે કે, આંગણવાડી બહેનો અને સીડીપીઓની સારી કામગીરીને કારણે વિભાગની કામગીરી પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. ત્યારે વિતરણની પ્રક્રિયાને લઈને કોઈ વિવાદ ઊભો ન થાય અને આંગણવાડીની કામગીરીની છબી જળવાઈ રહે તે માટે સંબંધિત અધિકારીઓએ તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવો જોઈએ.સ્થાનિકોમાં હાલ એક જ માંગ ઉઠી રહી છે કે વિવાદમાં રહેલા વિતરણકર્તાને બદલીને પારદર્શક અને વિશ્વસનીય વ્યક્તિને વિતરણની જવાબદારી સોંપવામાં આવે.



## કેઝ્યુઅલ લૂકમાં તે ખૂબ જ મસ્ત લાગી રહી છે

# સ્પેનની ગલીઓમાં નોરા ફતેહીનો રીલેક્સ મૂડ! તસવીરો સામે આવતા ફેન્સ થયા ફિદા

મુંબઇ

બોલિવુડની જાણીતી ડાન્સર અને એક્ટ્રેસ નોરા પોતાના હોલીડેને એન્જોય કરી રહી છે. એક્ટ્રેસે પોતાના સોશિયલ મીડિયા પરથી આ વાત કરી છે. પોતાના રેગ્યુલર કામમાંથી બ્રેક લઈને હાલમાં તે હોલીડે એન્જોય કરી રહી છે. સોશિયલ મીડિયા પર તેણેથી એકથી એક હોટ ફોટો પોસ્ટ કર્યા છે. જેમાં એક બેસ્ટ લોકેશન, સ્ટાઈલીશ આઉટફીટ અને એક્ટ્રેસનું વેકેશન મોડ દેખાઈ રહ્યો છે. કેઝ્યુઅલ લૂકમાં તે ખૂબ જ મસ્ત લાગી રહી છે. ફોટો શૅર કરીને કેપ્શમાં એક્ટ્રેસે લખ્યું હતું કે, સ્પેઈનની ગરમીઓમાં રજા, પાર્ટ -1.\ મોરક્કો સિટીમાં દમદાર વેકેશન\ નોરા વેકેશન મનાવવા માટે સ્પેઈન ગઈ છે. સ્પેઈનથી તેણે પોતાનો હોલીડે મૂડ શૅર કર્યો છે. હોલી ડે લૂક પણ શૅર કર્યો છે. મોરક્કો સિટીમાં તે વેકેશન માણી રહી છે. વેકેશન દરમિયાન પણ તેની સ્ટાઈલ અને લૂક ચર્ચામાં રહ્યા છે. ફોટોમાં નોરાએ સિલાંગ અને સ્ટાઈલિશ સમર આઉટફીટ પહેર્યા છે. સમુદ્ર કિનારે તે એન્જોય કરી રહી છે. એના ચહેરા પર વેકેશન રિલેક્સિંગ વાઈબ્સ દેખાઈ રહ્યા છે.

હવે નોરા તેની નવી ફિલ્મ કંચના-4માં જોવા મળશે. આ ફિલ્મ ક્યારે આવશે એ હજુ સુધી નક્કી નથી. .આવું પહેલીવાર થયું નથી. આ પહેલા પણ તે બીચ પરથી પોતાના એકથી એક બેસ્ટ પોઝી આપી ચૂકી છે. હજુ તો પહેલો ભાગ છે આ ફોટોશુટનો. આગળ જેમ જેમ તે વેકેશન એન્જોય કરશે એમ તે ફોટો શૅર કરી શકે છે. આ પહેલા પણ તેણે પોતાના વેકેશનના એકથી એક બેસ્ટ ફોટો ફેન્સ સાથે શૅર કર્યા છે. નોરાએ ફિલ્મોમાં અનેક એવા આઈટમ નંબર સોંગ કર્યા છે. પોતાના આઉટફીટ અને ફીગરને કારણે તે સતત ચર્ચામાં રહે છે. આ પહેલા તે ઓસ્કારની એક પાર્ટીમાં ગઈ હતી એ સમયે એના આઉટફીટની સૌથી વધારે ચર્ચા થઈ હતી. તેણે ઓસ્કાર પાર્ટીમાં ઓસ્કર ડે લા રેંટાનો ગોલ્ડન કલરનો આઉટફીટ પહેર્યો હતો. આ ફોટો ઈન્ટરનેટ પર જોરશોરથી વાયરલ થયો હતો. બોલિવુડની જાણીતી ડાન્સર અને એક્ટ્રેસ નોરા પોતાના હોલીડેને એન્જોય કરી રહી છે. એક્ટ્રેસે પોતાના સોશિયલ મીડિયા પરથી આ વાત કરી છે. પોતાના રેગ્યુલર કામમાંથી બ્રેક લઈને હાલમાં તે હોલીડે એન્જોય કરી રહી છે. સોશિયલ મીડિયા પર તેણેથી એકથી એક હોટ ફોટો પોસ્ટ કર્યા છે.

**એક બેસ્ટ લોકેશન, સ્ટાઈલીશ આઉટફીટ અને એક્ટ્રેસનું વેકેશન મોડ દેખાઈ રહ્યો છે**

# ઈમરાન હાશમીને સ્વાઈન ફ્લૂ થયો

## H1N1 ટેસ્ટ પોઝિટિવ આવ્યો, બેંગલુરુ શો રદ; ડોકટરોએ આરામ કરવાની સલાહ આપી

નવી દિલ્હી

બોલિવૂડ એક્ટર ઈમરાન હાશ્મી સ્વાઈન ફ્લૂ (H1N1)ની ઝપેટમાં આવી ગયા છે. તેમની છેલ્લા કેટલાક દિવસોથી તબિયત ખરાબ હતી. હાલમાં જ H1N1નો ટેસ્ટ કરાવ્યા બાદ રિપોર્ટ પોઝિટિવ આવ્યો. ઈમરાન હાશ્મી છેલ્લા કેટલાક દિવસોથી સતત ટ્રાવેલ કરી રહ્યા હતા. તેઓ રાંચી પણ ગયા હતા. તેમની તબિયત સતત બગડી રહી હતી. તબિયત ઠીક ન હોવા પર તેમણે H1N1નો ટેસ્ટ કરાવ્યો, જેનો રિપોર્ટ ગઈકાલે પોઝિટિવ આવ્યો. ડોકટરોએ ઈમરાન હાશ્મીને આરામ કરવા અને જરૂરી સાવચેતીઓ રાખવાની સલાહ આપી છે. એક્ટર ઈમરાન હાશ્મીનો એક્સક્લુઝિવ મેડિકલ રિપોર્ટ મળ્યો છે, જેના ટેસ્ટ રિઝલ્ટ પોઝિટિવ છે. આવારાપન 2ની સફળતા વચ્ચે ઈમરાન હાશ્મી બેંગલુરુના એક શોનો ભાગ બનવાના હતા, જોકે, સ્વાઈન ફ્લૂ થયા બાદ હવે તેમણે આ શો રદ કરી દીધો છે. ઈમરાન હાશ્મીએ સત્તાવાર સોશિયલ મીડિયા પરથી આ માહિતી આપી છે. તેમણે લખ્યું, હેલો બેંગલુરુ, હું ખરેખર ખૂબ બીમાર છું અને કમનસીબે બેંગલુરુના શોમાં આવી શકીશ નહીં. પરંતુ પિક્ચર પૂરું થયું નથી, ફક્ત મુલતવી રાખવામાં આવ્યું છે. હું તમારા બધાને 12 સપ્ટેમ્બર, શનિવારે સનબર્ન યુનિયનમાં મળીશ. તમારી ટિકિટો નવી તારીખ માટે માન્ય રહેશે. તમારા બધાને મળવાની રાહ જોઈ શકતો નથી." ઈમરાન હાશ્મીની મોસ્ટ અવેટેડ ફિલ્મ આવરાપન 2, 14 ઑગસ્ટે રિલીઝ થઈ છે. આ ફિલ્મે અત્યાર સુધીમાં 220 કરોડનું કલેક્શન કરી લીધું છે. નિતિન કક્કડના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ, ઈમરાન હાશ્મીની 2009માં આવેલી ફિલ્મ આવરાપનની સિક્વલ છે. ફિલ્મમાં ઈમરાન હાશ્મી સાથે દિશા પાટની અને શબાના આઝમી પણ મહત્વના પાત્રોમાં છે.



# કૃતિ સેનન એડ વિવાદ પર ઉર્વશી રૌતેલાની એન્ટ્રી

## ક્રિએટિવિટીના નામે સંસ્કૃતિ સાથે સમાધાન ન થવું જોઈએ, ભારતીય પરંપરાઓનું સન્માન જરૂરી

મુંબઈ

અભિનેત્રી કૃતિ સેનનના રક્ષાબંધન જાહેરાત વિવાદ પર હવે ઉર્વશી રૌતેલાની પ્રતિક્રિયા સામે આવી છે. ન્યૂઝ એજન્સી IANS સાથેની વાતચીતમાં ઉર્વશીએ કહ્યું કે તેઓ કોઈપણ મહિલાને તેના કપડાં પરથી જજ કરતા નથી, પરંતુ સર્જનાત્મકતાના નામે સાંસ્કૃતિક સંવેદનશીલતા સાથે સમાધાન થવું જોઈએ નહીં. રક્ષાબંધન ભારતનો અત્યંત પવિત્ર તહેવાર છે અને તેની મર્યાદાનું ધ્યાન રાખવું જોઈએ.

જણાવી દઈએ કે જ્વેલરી બ્રાન્ડ જીવા (GIVA)ની આ જાહેરાતમાં કૃતિ સેનનના ઈન્ડો-વેસ્ટર્ન પહેરવેશને લઈને સોશિયલ મીડિયા પર ઘણો વિરોધ થયો હતો, જેના પછી બ્રાન્ડે જાહેરાતને હટાવી લીધી છે. 'ક્રિએટિવિટી અને પરંપરાને એકસાથે ન ભેળવો' વાતચીતમાં ઉર્વશી રૌતેલાએ કહ્યું, 'આપણે આઝાદી અને સર્જનાત્મકતાની ઉજવણી કરીએ છીએ, પરંતુ આપણે એ વિચારવું પડશે કે રક્ષાબંધન એક સંવેદનશીલ અને પવિત્ર તહેવાર છે. તેને દેશના કરોડો લોકો ઉજવે છે અને આપણને આપણી પરંપરાઓ પર ગર્વ છે. આપણે એ સમજવું પડશે કે સર્જનાત્મકતાના નામે રક્ષાબંધન જેવી પવિત્ર પરંપરા સાથે ચેડાં કરી શકાય નહીં.' ઉર્વશીએ વાતચીત દરમિયાન ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના પોતાના સન્માનનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે રક્ષાબંધન ભાઈ-બહેનના અતૂટ સંબંધનો સુંદર તહેવાર છે. ઉર્વશીએ ભારપૂર્વક કહ્યું, 'આપણે એક સીમા નક્કી કરવી પડશે કે આપણે શું કરવું જોઈએ અને શું નહીં. આખરે આપણે બધા ભારતીય છીએ અને આપણે આપણા દેશ અને સંસ્કૃતિનું સન્માન કરવું જોઈએ.' કૃતિ સેનન એડમાં રિવિલિંગ કપડાં પહેર્યા- આ આખો વિવાદ જીવા (GIVA) જ્વેલરી બ્રાન્ડની 36 સેકન્ડની રક્ષાબંધન એડવર્ટાઇઝમેન્ટથી શરૂ થયો હતો. રક્ષાબંધન સંબંધિત આ એડમાં કૃતિએ ઓફ વ્હાઈટ બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉઝ, કેપ અને ડ્રેપ્ડ સ્કર્ટ પહેર્યો હતો.





# ફિલ્મ ટોક્સિક બાદ કિયારાના હાથમાં વધુએક બિગ બજેટ ફિલ્મ

## કિયારા અડવાણીને 2016માં આવેલી ફિલ્મ 'Ki & Ka' ની સિક્વલ માટે સંપર્ક કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે


મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણી ફરી એકવાર ચર્ચામાં આવી છે. યશની ફિલ્મ 'Toxic: A Fairy Tale for Grown-Ups'માં મહત્વની ભૂમિકા ભજવ્યા બાદ હવે કિયારાને વધુ એક મોટા પ્રોજેક્ટ સાથે જોડવામાં આવી હોવાના અહેવાલો સામે આવ્યા છે.આ પ્રોજેક્ટને લઈ હજુ સુધી એક્ટ્રેસ તરફથી ખાસ કોઈ વિગત જાણવા મળી નથી. ચર્ચા એવી છે કે, આ પ્રોજેક્ટ સાથે કનેક્ટ થશે તો ફરી એકવાર એની ઈમોશન ફીલિંગ્સ સ્ક્રિન પર જોવા મળશે. એક મીડિયા રિપોર્ટ્સ અનુસાર કિયારા અડવાણીને 2016માં આવેલી ફિલ્મ 'Ki & Ka' ની સિક્વલ માટે સંપર્ક કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે, જોકે આ અંગે હજુ સુધી મેકર્સ અથવા કિયારા તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. 'Ki & Ka'માં અર્જુન કપૂર અને કરીના કપૂરે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ફિલ્મની સ્ટોરી પરંપરાગત પતિ-પત્નીની ભૂમિકાઓથી અલગ વિચાર રજૂ કરતી હતી. પતિ ઘરના કામમાં પણ કેટલી સરળતાથી શિફ્ટ થઈ શકે છે અને એક કોર્પોરેટ વર્લ્ડમાં સ્ત્રી પણ એક પદ સુધી પહોંચી શકે છે એની સ્ટોરી આ ફિલ્મમાં બતાવવામાં આવે છે. ફિલ્મમાં અર્જુન કપૂરનું પાત્ર ઘર સંભાળવાનું પસંદ કરે છે, જ્યારે કરીના કપૂરનું પાત્ર કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. 'Ki & Ka'નો મુખ્ય વિચાર એ હતો કે લગ્નજીવનમાં પતિ અને પત્નીની ભૂમિકા સમાજની પરંપરાગત અપેક્ષાઓથી અલગ પણ હોઈ શકે છે. આ કારણે ફિલ્મે તે સમયે દર્શકોમાં ચર્ચા જગાવી હતી અને લિંગ આધારિત સામાજિક ભૂમિકાઓ અંગે સવાલો પણ ઉઠાવ્યા હતા. ફિલ્મમેકર્સ આર. બલ્કી કમબેક ધમાકેદાર રીતે કરી શકે છે. આ માટે તેમણે તૈયાર કરી લીધી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ખાસ કરીને ફિલ્મની સ્ક્રિપ્ટ પર પહેલા કામ થવાનું છે. હવે જોવાનું એ રહે છે કે, ફિલ્મની થીમ એ જ રહે છે કે, મેકર કોઈ બીજી વાર્તા લઈને આવે છે.

# માચિસ ફેમ એક્ટર ચંદ્રચૂડ સિંહનો પૈતૃક જમીન વિવાદ, 7 લોકો સામે FIR બાદ ફરી પહોંચ્યા પોલીસ ચોકી

મુંબઈ

બોલિવૂડની 'માચિસ', 'જોશ', 'દાગ: ધ ફાયર' અને 'આમદની અઠન્ની ખર્ચા રૂપૈયા' જેવી જાણીતી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા અભિનેતા ચંદ્રચૂડ સિંહ ફરી એકવાર પોતાની પૈતૃક સંપત્તિને લઈને ચર્ચામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના અલીગઢમાં આવેલી કૃષિ જમીન અને પરિવારની અન્ય પૈતૃક મિલકત અંગે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદમાં અભિનેતા અને તેમના ભાઈ શનિવારે જલાલપુર પોલીસ ચોકી પહોંચ્યા હતા. ચંદ્રચૂડ સિંહે પોલીસ સમક્ષ પોતાનું નિવેદન નોંધાવ્યું અને પૈતૃક જમીન સાથે જોડાયેલા છેતરપિંડીના મામલે નિષ્પક્ષ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. નજીકના સંબંધીઓ પર જ લગાવ્યા આરોપ માહિતી પ્રમાણે ચંદ્રચૂડ સિંહ મૂળ અલીગઢ જિલ્લાના રહેવાસી છે. તેમનો આરોપ છે કે તેમના પરિવારની પૈતૃક કૃષિ જમીન પર નજીકના સંબંધીઓ દ્વારા ગેરકાયદેસર રીતે કબજો કરવામાં આવ્યો અને બાદમાં જમીનનો સોદો પણ કરવામાં આવ્યો. અભિનેતાનો દાવો છે કે આ જમીન તેમના પૂર્વજોની મિલકત છે અને પરિવાર સાથે વર્ષોથી અન્યાય થતો આવ્યો છે. હવે આ મિલકત પાછી મેળવવા માટે તેઓ પોલીસ અને કાનૂની પ્રક્રિયાનો સહારો લઈ રહ્યા છે. કાકી સહિત 7 લોકો સામે FIR આ જમીન વિવાદમાં અભિનેતાની કાકી સહિત કુલ 7 લોકો સામે અગાઉથી FIR નોંધવામાં આવી ચૂકી છે. આરોપ છે કે પૈતૃક કૃષિ જમીનને કથિત રીતે ગેરકાયદેસર અને નિયમો વિરુદ્ધ વેચવામાં આવી હતી. ચંદ્રચૂડ સિંહે પોલીસને સંબંધિત દસ્તાવેજો અને અન્ય ઉપલબ્ધ પુરાવા પણ આપ્યા હોવાનું જણાવાયું છે. પોલીસ સમક્ષ નોંધાવ્યું નિવેદન ચંદ્રચૂડ સિંહ અને તેમના ભાઈ અલીગઢના રોરાવર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલી જલાલપુર પોલીસ ચોકી પહોંચ્યા હતા. અહીં તેમણે સમગ્ર મામલે પોતાનું નિવેદન નોંધાવ્યું અને તપાસ દરમિયાન તમામ દસ્તાવેજો તથા તથ્યોને ધ્યાનમાં લઈને કાર્યવાહી કરવાની માંગ કરી.



## આ જીવનનું સૌથી મોટું સન્માન છે: ફેડરર 20 ગ્રાન્ડ સ્લેમ જીત્યા

# રોજર ફેડરર ટેનિસ હૉલ ઑફ ફેમમાં સામેલ:સ્પીચ આપતી વખતે રડી પડ્યા

વોશિંગ્ટન

પૂર્વ ટેનિસ ખેલાડી રોજર ફેડરરને ટેનિસ હૉલ ઑફ ફેમમાં સામેલ કર્યા. આ દરમિયાન ફેડરર સ્પીચ આપતી વખતે ઘણી વાર ભાવુક થઈ ગયા. 45 વર્ષીય ફેડરરે પોતાના ભાષણમાં વિરોધીઓ, અધિકારીઓ અને પ્રશંસકોને યાદ કર્યા. પરિવાર અને મિત્રોનો આભાર માનતી વખતે તેઓ રડી પડ્યા. અમેરિકી સ્ટેટ રોડ આઈલેન્ડના ન્યૂપોર્ટમાં શનિવારે યોજાયેલા સમારોહમાં ફેડરરે કહ્યું- 'આ મારા જીવનના સૌથી મોટા સન્માનોમાંથી એક છે. આને હૉલ ઑફ ફેમ કહેવાય છે, પરંતુ યશ મેળવવો ક્યારેય મારું લક્ષ્ય નહોતું. મારું લક્ષ્ય હતું કે હું મારું જીવન એ કામ કરતા વિતાવું, જેનાથી મને પ્રેમ છે અને જે લોકોને પણ તેનાથી એટલો જ પ્રેમ છે, તેમની સાથે રહું.' સ્વિટ્ઝર્લેન્ડના ફેડરરે 2022માં ટેનિસમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. તેમણે પોતાની કારકિર્દીમાં 20 ગ્રાન્ડ



સ્લેમ અને 103 એટીપી ચેમ્પિયનશિપ જીતી. ફેડરરે 5 હજાર હેડબેન્ડ, 7 હજાર જોડી મોજાં પહેર્યા

ફેડરરે તેની કારકિર્દીના કેટલાક અનોખા આંકડા શેર કર્યા. તેમણે જણાવ્યું કે 1998માં ATP ટૂરની શરૂઆતથી લઈને 2022માં નિવૃત્તિ લેવા સુધી તેમણે 5,000થી વધુ હેડબેન્ડ પહેર્યા. ફેડરરે એ પણ જણાવ્યું કે તેઓ મેચ દરમિયાન એકસાથે બે-બે મોજાં પહેરતા હતા. તેમણે પોતાની કારકિર્દીમાં 7 હજારથી વધુ જોડી મોજાંનો ઉપયોગ કર્યો. ફેડરરે પોતાની સફરને યાદ કરતા કહ્યું- 'ટેનિસમાં આ મુકામ સુધી પહોંચવાની લાગણીને શબ્દોમાં વર્ણવવી કે કોઈ માપદંડથી માપવી અશક્ય છે. મારી સફર બેસલમાં માત્ર 13 વર્ષની ઉંમરે એક ATP ટુર્નામેન્ટમાં બોલ બોય બનવાથી શરૂ થઈ હતી.' બોલ કિડ્સ અને પરિવારનો આભાર માનતા રડી પડ્યા ફેડરરે કહ્યું- 'હું દરેક બોલ કિડનો આભાર માનવા માંગુ છું, જે મારી કોઈપણ મેચ દરમિયાન કલાકો સુધી ઊભો રહ્યો. હું તમને જોઉં છું. હું તમારો આભાર માનું છું. હું પણ ક્યારેક તમારી જગ્યાએ હતો.' પોતાના આદર્શ સ્ટીફન એડબર્ગ, ટેનિસના અન્ય સ્ટાર્સ, પરિવાર અને કારકિર્દીમાં સાથ આપનાર સ્ટાફનું નામ લેતા ફેડરરની આંખોમાં આંસુ આવી ગયા.

## મેસીના 4 ગોલથી ઇન્ટર મિયામી જીત્યું

મિયામી

લિયોનેલ મેસ્સીના 4 ગોલની મદદથી ઇન્ટર મિયામીએ સીએફ મોન્ટ્રીયલને 7-1થી હરાવ્યું. મેજર લીગ સોકર (MLS)માં સતત 5 મેચ હાર્યા બાદ મિયામીને આ જીત મળી છે. 39 વર્ષીય લિયોનેલ મેસ્સી સાતમાંથી પાંચ ગોલમાં સામેલ રહ્યા. તેણે ચાર ગોલ કર્યા અને લુઈસ સુઆરેઝને ગોલ કરવામાં મદદ પણ કરી. મેસ્સીએ આ સિઝનની 19 મેચોમાં 18 ગોલ કર્યા છે. તે લીગના ટોપ ગોલ સ્કોરર બની ગયો છે. તેણે એફસી ડલાસના પીટર મૂસાના 16 ગોલને પાછળ છોડ્યો. આ સાથે જ મેસ્સીએ MLSના ઈતિહાસમાં સૌથી



ઓછી મેચમાં 20 મલ્ટી ગોલ મુકાબલા પૂરા કર્યા. તેણે માત્ર 74 મેચોમાં આ સિદ્ધિ હાંસલ કરી. ઈન્ટર મિયામી માટે મેસ્સીએ પહેલીવાર એક મેચમાં 4 ગોલ કર્યા. કોઈપણ લીગમાં તેનું આ પ્રદર્શન 6 વર્ષ પછી આવ્યું છે. આ પહેલા ફેબ્રુઆરી 2020માં તેણે લા લિગામાં બાર્સેલોના તરફથી એઈબાર સામે 4 ગોલ કર્યા હતા. તેણે કારકિર્દીમાં આઠમી વાર કોઈ મેચમાં 4 કે તેથી વધુ ગોલ કર્યા છે. પહેલા હાફમાં મેસ્સીએ એક ગોલ કર્યો ઈન્ટર મિયામીએ 20મી મિનિટે લીડ લીધી. તેલાસ્કો સેગોવિયાના કોર્નર પર કાસેમિરોએ હેડરથી ગોલ કર્યો. આ ક્લબ માટે કાસેમિરોનો પહેલો ગોલ હતો.

### આ મંજૂરી ફક્ત સ્થાનિક ટૂર્નામેન્ટ પૂરતી જ સીમિત

## અનાયા બાંગર ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત WBBLમાં રમતી જોવા મળશે

સિડની

રમતગમતની દુનિયામાં ખેલાડીની પ્રતિભા અને તેના જુસ્સાની હંમેશાં કસોટી થતી હોય છે. રમતના મેદાનમાં સારું પ્રદર્શન કરવાના દબાણ ઉપરાંત જ્યારે વાત પોતાની સાચી ઓળખ મેળવવાની હોય છે, ત્યારે સંઘર્ષ બમણો થઈ જાય છે. પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય બાંગરની દીકરી અનાયા બાંગરની કહાની પણ કંઈક એવી જ સંઘર્ષમય છે. પોતાની ઓળખને સ્વીકારીને લિંગ-પુષ્ટિ સર્જરી (Gender-Affirmation Surgery) કરાવ્યા બાદ અનાયાને ડર હતો



કે તેની ક્રિકેટ કારકિર્દી કાયમ માટે ખતમ થઈ જશે. પરંતુ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના એક ઐતિહાસિક નિર્ણયે તેના માટે નવી આશા જન્માવી છે. હવે અનાયા ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત 'મહિલા બિગ બેશ લીગ' (WBBL) માં રમતી જોવા મળશે. ચાલો આ સમગ્ર સફર, સર્જરી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટના નિયમોને વિગતવાર સમજીએ. અનાયા માટે આ માત્ર કોઈ લીગમાં જોડાવાની વાત નથી, પરંતુ પોતાનું સર્વસ્વ ગણાતી રમતમાં પાછા ફરવાની અમૂલ્ય તક છે. પોતાની લાગણી વ્યક્ત કરતા તે જણાવે છે કે, બાળપણથી જ ક્રિકેટ તેની ઓળખનો એક અતૂટ ભાગ રહ્યું છે. તેના Transition (પુરુષમાંથી સ્ત્રી બનવાની પ્રક્રિયા) ના સમયગાળા દરમિયાન તેને એવું લાગવા માંડ્યું હતું કે હવે તે ક્યારેય મેદાન પર ઉતરી શકશે નહીં અને તેણે ક્રિકેટને કાયમ માટે ગુમાવી દીધું છે.

## BCCI એક્શનમાં : શ્રીલંકાથી પરત ફરતા જ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને બોલાવ્યા

### સ્ટાર ખેલાડીઓએ બ્રોન્કો ટેસ્ટ, 2 કિલોમીટર રન અને યો-યો ટેસ્ટ જેવી કસોટીઓ આપી

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડીઓ નવી સિઝન માટે સંપૂર્ણ રીતે સજ્જ થવામાં લાગી ગયા છે. શ્રેયસ અય્યર, યશસ્વી જયસ્વાલ અને રવીન્દ્ર જાડેજા સહિત બીસીસીઆઈ (BCCI) ના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ધરાવતા ખેલાડીઓએ બેંગલુરુ સ્થિત 'બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ' (Center of Excellence) માં પ્રી-સિઝન ફિટનેસ ટેસ્ટ પૂર્ણ કરી લીધો છે. આ ફિટનેસ આકારણી 2026-27ની વ્યસ્ત ક્રિકેટ સિઝન પહેલા ખેલાડીઓની તૈયારીઓનો એક મહત્વપૂર્ણ ભાગ છે. શ્રીલંકા પ્રવાસ બાદ તરત જ ફિટનેસ ટેસ્ટ શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચોની સિરીઝ પૂર્ણ થયાના માત્ર 48



કલાકની અંદર જ ભારતીય ટીમના ટોચના ખેલાડીઓ શનિવારે બેંગલુરુ ખાતે આગામી આઠ મહિનાની વ્યસ્ત સિઝનને ધ્યાનમાં રાખીને ફિટનેસ ટેસ્ટ આપવા પહોંચ્યા હતા. આ ફિટનેસ સત્ર 2027ના ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) સુધી ચાલશે. આ ટેસ્ટમાં અનુભવી ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા, વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત, ઓપનર યશસ્વી જયસ્વાલ, ટી20 કેપ્ટન શ્રેયસ અય્યર, રિંકુ સિંહ, સંજૂ સેમસન અને ચેન્નઈ સુપર કિંગ્સનો કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ સહિત અનેક ખેલાડીઓ ફિટનેસ ચકાસણી કરાવતા નજરે પડ્યા હતા. શું હોય છે આ ફિટનેસ ટેસ્ટમાં? આ ફરજિયાત ફિટનેસ ટેસ્ટમાં 'બ્રોન્કો ટેસ્ટ' (Bronco Test), '2 કિલોમીટર રન', 'યો-યો ટેસ્ટ' (Yo-Yo Test) અને વિકેટો વચ્ચે દોડવા જેવી ક્રિકેટ સંબંધિત ડ્રિલ્સનો સમાવેશ થાય છે. બ્રોન્કો ટેસ્ટ: આમાં ખેલાડીઓએ વગર રોકાયે 5 સેટમાં કુલ 1200 મીટરની દોડ 5 મિનિટ 30 સેકન્ડમાં પૂર્ણ કરવાની હોય છે.



### કંપનીમાં શાહરૂખ-સલમાન-સચિનનું રોકાણ, 31 ઓગસ્ટથી ઇશ્યૂ ખુલશે

## IITIAN એરોસ્પેસ એન્જિનિયર લાવી રહ્યા છે IPO

મુંબઈ

IIT બોમ્બેમાંથી અભ્યાસ કરનાર અને ડોયચે બેંકમાં બેંકિંગની નોકરી કરનાર અભિષેક 'મોન્ટી' અગ્રવાલની કંપની પર્પલ સ્ટાઈલ લેબ્સ પોતાનો IPO લાવી રહી છે. આ કંપનીમાં શાહરૂખ ખાન, સલમાન ખાન, સચિન તેંડુલકર અને માધુરી દીક્ષિત જેવી સેલિબ્રિટીઝનું રોકાણ છે. જાણો કેવી રીતે એક એરોસ્પેસ એન્જિનિયરે મુંબઈમાં ઝારાના સ્ટોરની જગ્યા લઈને લક્ઝરી ફેશનના વિશ્વમાં 4,600 કરોડ રૂપિયાનું સામ્રાજ્ય ઊભું કર્યું સવાલ 1. પર્પલ સ્ટાઈલ લેબ્સના IPOની મુખ્ય વિગતો શું છે? જવાબ: પર્પલ સ્ટાઈલ લેબ્સએ તેના 680 કરોડના IPO માટે પ્રાઈસ બેન્ડ 546 થી 575 પ્રતિ





શેર નક્કી કર્યો છે. આ IPO સબસ્ક્રિપ્શન માટે 31 ઓગસ્ટે ખુલશે અને 2 સપ્ટેમ્બરે બંધ થશે. પ્રાઈસ બેન્ડના ઉપલા સ્તરે કંપનીનું કુલ વેલ્યુએશન લગભગ 4,600 કરોડ આંકવામાં આવ્યું છે. અભિષેકની રુચિ લક્ઝરી પ્રોડક્ટ્સ અને કપડાંના વ્યવસાયમાં હતી. કોઈ ઔપચારિક ફેશન શિક્ષણ કે અનુભવ વિના તેમણે 2015માં બેન્કિંગ છોડી દીધું. ત્યારબાદ પર્પલ સ્ટાઈલ લેબ્સ (PSL) નો પાયો નાખ્યો. તેમનું વિઝન ભારતના મોટા ડિઝાઈનર બ્રાન્ડ્સ, ટેકનોલોજી, રિટેલ અને ડિસ્ટ્રિબ્યુશનને એક સિંગલ પ્લેટફોર્મ પર લાવવાનું હતું. વર્ષ 2018માં પર્પલ સ્ટાઈલ લેબ્સે મલ્ટી-બ્રાન્ડ લક્ઝરી ફેશન પ્લેટફોર્મ 'પર્નિયાઝ પોપ-અપ શોપ'નું હસ્તગત કર્યું. આ ટેકઓવર કંપની માટે ગેમ-ચેન્જર સાબિત થયું, જેના દ્વારા ઘરેલું અને વિદેશી ગ્રાહકો સુધી ભારતીય ડિઝાઈનર વેરની પહોંચ સરળ બની. ફેબ્રુઆરી 2025માં આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ ઝારાએ મુંબઈની ઈસ્માઈલ બિલ્ડિંગમાં સ્થિત પોતાનો ફ્લેગશિપ સ્ટોર બંધ કરી દીધો હતો.

### સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો

## અઠવાડિયામાં સોનામાં 8500 તો ચાંદીમાં 18000 સુધીનો કડાકો

મુંબઈ

ઑગસ્ટ મહિનાના અંતિમ સપ્તાહમાં સોના અને ચાંદીના વૈશ્વિક તથા સ્થાનિક બજારમાં ભારે અસ્થિરતા જોવા મળી છે. સપ્તાહની શરૂઆતમાં ઐતિહાસિક ઊંચાઈ સર કર્યા પછી સપ્તાહના અંતે શુક્રવાર, 28 ઑગસ્ટે મોટા પાયે થયેલી નફારૂપી વેચવાલી અને સેન્ટ્રલ બેંકના નિર્ણયો પહેલાં રોકાણકારોની સાવચેતીને કારણે ભાવમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. વૈશ્વિક બજારમાં સ્પોટ ગોલ્ડ મંગળવારના રૂપિયા 4,46,326($4,677)ના સર્વોચ્ચ સ્તરથી આશરે રૂપિયા 8,589($90) પ્રતિ ઔંસ ઘટીને રૂપિયા 4,37,700($4,586.60)ની આસપાસ બંધ રહ્યો હતો. જ્યારે



COMEX ગોલ્ડ ફ્યુચર્સ રૂપિયા 4,38,215($4,592) પ્રતિ ઔંસ પર સેટલ થયો હતો. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ચાંદી પણ સપ્તાહના મધ્યમાં રૂપિયા 6,699($70.20)ની સપાટીથી ઘટીને રૂપિયા 6,532($68.45) પ્રતિ ઔંસ પર પહોંચી હતી. ભારતમાં મલ્ટી કોમોડિટી એક્સચેન્જ(MCX) પર સોનાનો વાયદો ઘટીને રૂપિયા 1,59,000 પ્રતિ 10 ગ્રામ આસપાસ બંધ રહ્યો હતો. રિટેલ બજારમાં 24 કેરેટ સોનું રૂપિયા 1,62,970 પ્રતિ 10 ગ્રામ (જે તેની ઊંચી સપાટીથી રૂપિયા 1,000 નીચું છે) અને 22 કેરેટ સોનું રૂપિયા 1,49,390 પ્રતિ 10 ગ્રામ રહ્યું હતું. બીજી તરફ ચાંદીના ભાવમાં સૌથી મોટો કડાકો જોવા મળ્યો હતો.

સ્થાનિક બજારમાં ચાંદી તેની ઊંચી સપાટીથી રૂ. 18,000 પ્રતિ કિલોગ્રામ સુધી ઘટીને રૂપિયા 2,40,950થી રૂપિયા 2,42,000 પ્રતિ કિલોગ્રામની વચ્ચે બંધ રહી હતી, જ્યારે MCX ચાંદી ફ્યુચર્સ રૂપિયા 2,40,000ના સ્તરે પહોંચ્યો હતો.

### ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ICICI બેંક અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની માર્કેટ વેલ્યુ વધી

## ટોપ 10માં 7 કંપનીઓનું માર્કેટ કેપ ₹1.13 લાખ કરોડ ઘટ્યું

### ભારતી એરટેલના માર્કેટ વેલ્યુએશનમાં સૌથી મોટો ₹40,500 કરોડનો ઘટાડો જોવા મળ્યો. તેનું વેલ્યુએશન ઘટીને ₹11.74 લાખ કરોડ થઈ ગયું છે.

વોશિંગ્ટન

ગયા અઠવાડિયે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. આ દરમિયાન દેશની 10 સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી 7નું માર્કેટ કેપ કુલ મળીને 1.13 લાખ કરોડ ઘટ્યું છે. આ સમયગાળા દરમિયાન ટેલિકોમ સેક્ટરની અગ્રણી કંપની ભારતી એરટેલના માર્કેટ વેલ્યુએશનમાં સૌથી મોટો 40,500 કરોડનો ઘટાડો જોવા મળ્યો. તેનું વેલ્યુએશન ઘટીને 11.74 લાખ કરોડ થઈ ગયું છે. એરટેલ ઉપરાંત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, HDFC બેંક, બજાજ ફાઈનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, LIC અને હિન્દુસ્તાન યુનિલિવરનું માર્કેટ કેપ પણ ઘટ્યું છે. જ્યારે 3 કંપનીઓ- ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ICICI બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની માર્કેટ વેલ્યુ વધી છે. માર્કેટ કેપ કોઈપણ




કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર, એટલે કે તે બધા શેર જે હાલમાં તેના શેરધારકો પાસે છે, તેમનું મૂલ્ય છે. તેની ગણતરી કંપનીના જાહેર કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણાકાર કરીને કરવામાં આવે છે. આને એક ઉદાહરણથી સમજો... ધારો કે... કંપની 'A' ના 1 કરોડ શેર બજારમાં લોકોએ ખરીદ્યા છે. જો એક શેરની કિંમત 20 રૂપિયા હોય, તો કંપનીની માર્કેટ વેલ્યુ 1 કરોડ x 20 એટલે કે 20 કરોડ રૂપિયા થશે. કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપનીઓ હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે. રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તે જ સમયે, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેના કારણે રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે. ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડ વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે, અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે. પરંતુ જો માર્કેટ કેપ ઘટે છે તો તેનું નુકસાન થઈ શકે છે.

## ફ્લેક્સી-કેપ ફંડ્સે 1 વર્ષમાં 20%નું રિટર્ન આપ્યું

- **SIP દ્વારા તમે દર મહિને એક નિશ્ચિત રકમ તેમાં રોકાણ કરો છો**

મુંબઈ

ઘણા લોકો ફિક્સ્ડ ડિપોઝિટ કરતાં વધુ વળતર માટે શેરબજારમાં રોકાણ કરી રહ્યા છે. પરંતુ જો તમને શેરબજાર વિશે ઓછી જાણકારી હોય તો તમે મ્યુચ્યુઅલ ફંડ દ્વારા તેમાં રોકાણ કરી શકો છો. તમે મ્યુચ્યુઅલ ફંડના ફ્લેક્સી-કેપ ફંડમાં રોકાણ કરીને સારો નફો કમાઈ શકો છો. આ કેટેગરીએ છેલ્લા 1 વર્ષમાં 20% સુધીનું વળતર આપ્યું છે. અમે તમને આજે ફ્લેક્સી કેપ ફંડ્સ વિશે જણાવી રહ્યા છીએ. સૌ પ્રથમ જાણો ફ્લેક્સી-કેપ ફંડ શું છે? ફ્લેક્સી કેપ એક ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ છે જેની પાસે રોકાણ કરવા માટે લવચીકતા હોય છે. આમાં ફંડ મેનેજર પોતાના હિસાબે રોકાણકારના પૈસા સ્મોલ, મિડ કે લાર્જ કેપમાં રોકે છે. આમાં ફંડ મેનેજર એ વાત માટે બંધાયેલો નથી રહેતો કે તેને કઈ ફંડ કેટેગરીમાં કેટલું રોકાણ કરવું છે. નિષ્ણાતોના મતે, આ યોજનાઓમાં ઓછામાં ઓછા 5 વર્ષના સમયગાળાને ધ્યાનમાં રાખીને રોકાણ કરવું જોઈએ. શક્ય છે કે ટૂંકા ગાળામાં કેટેગરીનું પ્રદર્શન સારું ન હોય, પરંતુ લાંબા ગાળે આ તમને સારુ વળતર આપી શકે છે. SIP દ્વારા રોકાણ કરવું વધુ સારું રહેશે નિષ્ણાતોના મતે, મ્યુચ્યુઅલ ફંડમાં એકસાથે પૈસા રોકવાને બદલે સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એટલે કે SIP દ્વારા રોકાણ કરવું જોઈએ.

### સિલ્વર ઓક યુનિવર્સિટીના સેન્ટર પર 3 ઉમેદવાર મોડા પહોંચતા પરીક્ષા ન આપી શક્યા

# અમદાવાદમાં 4 હજારથી વધુ ઉમેદવારોની NEET-PGની પરીક્ષા




**આ વર્ષે ઉમેદવારોને 180 MCQ પ્રશ્ન આપવામાં આવ્યા છે. દરેક સાચા જવાબ માટે 4 માર્ક્સ અપાશે અને ખોટા જવાબ માટે 1 માર્ક્સ કપાશે**

અમદાવાદ

દેશભરના મેડિકલ ગ્રેજ્યુએટ્સ માટે મહત્વની ગણાતી NEET-PG 2026ની પરીક્ષા યોજાઈ રહી છે. નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઈન મેડિકલ સાયન્સિસ (NBEMS) દ્વારા આ પરીક્ષા દેશભરમાં એક જ શિફ્ટમાં લેવામાં આવી છે. આ વર્ષે પરીક્ષામાં અનેક મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. અગાઉ 200 પ્રશ્નોની જગ્યાએ હવે 180 પ્રશ્નો પૂછવામાં આવશે. પરીક્ષાનો સમય 3 કલાક 30 મિનિટ રાખવાના આવ્યો છે. જે સવારે 9થી શરૂ થયું છે અને બપોરે 12.30 વાગ્યા ચાલ્યું હતું. દેશભરમાં 2,73,183 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

અમદાવાદમાં પરીક્ષા માટે 16 સેન્ટર

અમદાવાદમાં NEET PGની પરીક્ષા માટે 16 સેન્ટર પર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સેન્ટર પર 100થી 250 ઉમેદવારો પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી અમદાવાદના 16 સેન્ટર પર અંદાજે 4 હજાર ઉમેદવારો પરીક્ષા આપી હતી. વહેલી સવારથી ઉમેદવારોની સાથે સાથે વાલીઓ પણ સેન્ટર પર પહોંચી ગયા હતા. સરખેજ વિસ્તારમાં એલ.જે યુનિવર્સિટી કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ પરીક્ષા પૂર્ણ થઈ હતી. તમામ ઉમેદવારના અસલ ડોક્યુમેન્ટની ચકાસણી કરી સેન્ટર પર પ્રવેશ આપવામાં આવ્યો હતો.

તો આ તરફ શહેરની સિલ્વર ઓક યુનિવર્સિટી ખાતેના પરીક્ષા સેન્ટર પર ત્રણ ઉમેદવારો મોડા પહોચતા પરીક્ષા ન આપી શક્યા. બે ઉમેદવાર બોટાદથી અને એક ઉમેદવાર જૂનાગઢથી આવ્યા હતા. સમયસર પરીક્ષા સેન્ટર પર ન પહોંચતા પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. પરીક્ષામાં ગેરરીતિ અને ડમી ઉમેદવારોને રોકવા માટે આ વખતે સુરક્ષા વ્યવસ્થા પણ વધુ કડક કરવામાં આવી છે. આધાર આધારિત ઓથેન્ટિકેશન તથા બાયોમેટ્રિક વેરિફિકેશન કરવામાં આવ્યું છે. ફિંગરપ્રિન્ટથી ઓથેન્ટિકેશન ન થઈ શકે તેવી સ્થિતિમાં આઈરિસ આધારિત ચકાસણીનો પણ ઉપયોગ કરવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

ઉમેદવાર પ્રજાપતિ મનને જણાવ્યું હતું કે, પરીક્ષાને લઈ તૈયારીઓ તો ખૂબ સારી રીતે કરી છે. પરંતુ હવે આજે કેવું પેપર પુછાય છે તે જોવાનું છે. તેમજ પેપર લીક ન થાય તે માટે પણ સારી એવી વ્યવસ્થા કરવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થા પણ કડક કરવામાં આવી હોવાથી પેપરલીક થવાનો ડર નથી. છતાં પણ જો પેપર લીક થાય તો કઈ કહી શકતા નથી.

રાજ્યભરના 50 સેન્ટર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે 15 હજાર ઉમેદવારો પરીક્ષા આપી હતી. રાજ્યમાં ગયા વર્ષે 13,900 ઉમેદવારો હતા જ્યારે આ વર્ષે 15 હજારથી વધુ ઉમેદવારો નોંધાયા હતા.

# અમદાવાદના નિકોલમાં પતિની ખૂની દીવાનગી!!

### રિસાયેલી પત્ની પર છરીના 5-5 ઘા ઝીંકી લોહીલુહાણ કરી, બાદમાં બોટાદ જઈ ટ્રેન નીચે પડતું મૂકી પતિએ જીવન ટૂંકાવ્યું

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા નિકોલમાંથી એક અત્યંત હૃદયદ્રાવક, ચોંકાવનારી અને સનસનાટીભરી ગુનાહિત ઘટના સામે આવી છે. ગૃહક્લેશ અને દંપતી વચ્ચેના મનમુટાવે એક હસતા-રમતા પરિવારનો ભયાનક અંત આણ્યો છે. રિસાઈને પિયર જતી રહેલી પત્નીને મનાવવા પહોંચેલા ઉશ્કેરાયેલા પતિએ તમામ મર્યાદાઓ વટાવીને પત્ની પર છરી વડે પાશવી હુમલો કરી દીધો હતો. પત્નીને લોહીલુહાણ હાલતમાં છોડીને ભાગેલા પતિએ પાછળથી બોટાદ પાસે ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો છવાઈ ગયો છે. ઘટનાની મળતી વિગતો મુજબ, પતિ-પત્ની વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પારિવારિક બાબતે કજિયો ચાલતો હતો, જેના કારણે કંટાળીને પત્ની નિકોલ સ્થિત પોતાના પિયરમાં રહેવા આવી ગઈ હતી. પતિ પોતાની પત્નીને સમજાવીને પરત ઘરે લઈ જવા માટે નિકોલ આવ્યો હતો. પરંતુ વાતચીત દરમિયાન બંને વચ્ચે અચાનક તકરાર વધી ગઈ હતી અને પતિનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. આવેશમાં આવી ગયેલા પતિએ પોતાની સાથે લાવેલી અણીદાર છરી કાઢીને પત્નીના શરીર પર એક પછી એક ૪ થી ૫ જેટલા ઘાતક ઘા ઝીંકી દીધા હતા. પત્નીની કરુણ ચીસોથી આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તેને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તેની હાલત અત્યંત ગંભીર હોવાનું કહેવાય છે. પત્ની પર પ્રાણઘાતક હુમલો કર્યા બાદ પકડાઈ જવાના ડરે કે પશ્ચાતાપમાં આવી ગયેલો પતિ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. તે સીધો અમદાવાદથી બોટાદ તરફ ભાગી છૂટ્યો હતો. બોટાદ રેલ્વે ટ્રેક નજીક પહોંચીને તેણે ચાલુ ટ્રેન નીચે કૂદી પડીને દર્દનાક આપઘાત કરી લીધો હતો. એક જ ઘટનામાં પત્ની હોસ્પિટલમાં મરણ પથારીએ ધકેલાઈ ગઈ છે.

### મોબાઈલ દુબઈ મોકલાયાનો ઘટસ્ફોટ

# લક્ઝરી બસમાંથી 11 લાખના iPhone ચોરનાર આરોપી રાજસ્થાનના જંગલમાંથી ઝડપાયો

### પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આરોપી ગજેન્દ્રસિંહ સામે અગાઉ હિંમતનગર પોલીસ સ્ટેશનમાં પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો છે

અમદાવાદ

અમદાવાદમાં 15મી ઓગસ્ટે લક્ઝરી બસમાંથી 10.70 લાખના 14 આઈફોનની ચોરીનો ભેદ રામોલ પોલીસે ઉકેલ્યો છે. રાજસ્થાનના પાલીમાંથી ફાર્મસી ગ્રેજ્યુએટ ગજેન્દ્રસિંહ રાજપૂતની ધરપકડ કરાઈ. ચોરીના ફોન ખરીદનાર મોહસીનની પણ અટકાયત થઈ છે. આરોપીઓએ આઈફોન દુબઈ મોકલી દીધા હોવાનું ખુલ્યું છે. ગજેન્દ્રસિંહે એક ફોન ગર્લફ્રેન્ડને ભેટમાં આપી, બાકીના વેચી નાખ્યા હતા. મહારાષ્ટ્રના પુણેથી અમદાવાદ આવેલી લક્ઝરી બસમાંથી 15મી ઓગસ્ટના રોજ 10.70 લાખ રૂપિયાની કિંમતના 14 આઈફોનની ચોરીનો ભેદ રામોલ પોલીસ અને ઝોન-5 LCBની ટીમે ઉકેલી નાખ્યો છે. પોલીસે આ કેસમાં મૂળ રાજસ્થાનના અને ફાર્મસી ગ્રેજ્યુએટ એવા આરોપી ગજેન્દ્રસિંહ રાજપૂતની રાજસ્થાનના પાલી જિલ્લા સ્થિત સુમેરપુરના જંગલ વિસ્તારમાંથી ધરપકડ કરી છે. આ ઉપરાંત ચોરીના મોબાઈલ ફોન ખરીદનાર અમદાવાદના મોહસીન નામના શખસની પણ અટકાયત કરવામાં આવી છે. આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં ચોરાયેલા આઈફોન દુબઈ મોકલી આપવામાં આવ્યા હોવાનો ખુલાસો થતાં પોલીસે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, પુણેમાં મોબાઈલનો



વેપાર કરતા સુરેશ ઠાકોરે અમદાવાદના આશ્રમ રોડ પર દુકાન ધરાવતા સલમાન નામના વેપારીને આ 14 આઈફોન લક્ઝરી બસ મારફતે પાર્સલમાં મોકલ્યા હતા. પુણેની એક હોસ્પિટલ/મેડિકલ સ્ટોરમાં 25 હજાર રૂપિયાના પગારે નોકરી કરતો 32 વર્ષીય આરોપી ગજેન્દ્રસિંહ પણ આ જ બસમાં મુસાફરી કરી રહ્યો હતો. પુણેથી બસ ઉપડતી વખતે જ્યારે વેપારી બસના ડ્રાઈવરને કીમતી પાર્સલ સાચવવાની સૂચના આપી રહ્યો હતો, ત્યારે નજીકમાં થૂંકવાના બહાને ઉભેલા ગજેન્દ્રસિંહે આ વાત સાંભળી લીધી હતી અને તકનો લાભ ઉઠાવી પાર્સલની ચોરી કરી લીધી હતી.

# અમદાવાદમાં છારા ગેંગના મોસ્ટ વોન્ટેડ શાતિર લૂંટારાનો ખાતમો

### ક્રાઇમ બ્રાન્ચે ગુજસીટોકના આરોપી વિશાલ તનવાણીને 7.50 લાખની રોકડ સાથે દબોચ્યો!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં અકસ્માતનો ડ્રામા રચી નિર્દોષ વાહનચાલકોને સરેઆમ લૂંટી લેતી કુખ્યાત છારા ગેંગ સામે ક્રાઇમ બ્રાન્ચે આક્રમક સપાટો બોલાવ્યો છે. ગુજસીટોક (GUCTOC) જેવા કડક કાયદા અને અન્ય ૬ જેટલા ગંભીર ગુનાઓમાં લાંબા સમયથી પોલીસને છાપરે ઊભીને રમાડતો મોસ્ટ વોન્ટેડ આરોપી આખરે પોલીસના સિકંજામાં આવી ગયો છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને વિશાલ તનવાણી નામના આ ખતરનાક આરોપીની ધરપકડ કરી છે. આ એ જ શાતિર ગુનેગાર છે જેણે કૃષ્ણનગરમાં આંગડિયા પેઢીમાંથી મોટી રકમ લઈને નીકળેલા વેપારીને નિશાન બનાવીને રૂ. ૫૦ લાખની સનસનાટીભરી લૂંટ ચલાવી હતી. ક્રાઈમ બ્રાન્ચે આરોપી પાસેથી લૂંટમાં ગયેલી રોકડ રકમમાંથી રૂ. ૭.૫૦ લાખની માતબર રોકડ જપ્ત કરી તેની ધરપકડ કરી છે. વિશાલ તનવાણીની ધરપકડ સાથે જ અમદાવાદ શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા કુલ ૭ જેટલા ગંભીર લૂંટના ગુનાઓનો એકસાથે પર્દાફાશ થયો છે: કૃષ્ણનગર પોલીસ સ્ટેશન, સરખેજ પોલીસ સ્ટેશન, બોપલ પોલીસ સ્ટેશન, ઓઢવ પોલીસ સ્ટેશન, સોલા પોલીસ સ્ટેશન, એલિસબ્રિજ પોલીસ સ્ટેશન.

### ઇસનપુર સ્મશાનમાંથી ધાતુના વાસણો ચોરનાર બે રીઢા ચોર ઝબ્બે

# અમદાવાદમાં ગુનાખોરી સીમા વટાવી: હવે સ્મશાન પણ સુરક્ષિત નથી!

અમદાવાદ

ગુનાખોરીની દુનિયામાં આરોપીઓ હવે સંવેદના અને પાપ-પુણ્યનો ભેદ પણ ભૂલી ચૂક્યા છે. શહેરના ઈસનપુર વિસ્તારમાં એક એવી ઘટના સામે આવી છે જેણે સમગ્ર અમદાવાદને શરમાવી દીધું છે. ઈસનપુર સ્થિત સ્મશાનગૃહને નિશાન બનાવી ત્યાંથી તાંબા, પીતળ અને સ્ટીલના વાસણોની ચોરી કરનાર બે રીઢા આરોપીઓની ઈસનપુર પોલીસે ધડપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. જે જગ્યાએ માણસ જીવનની અંતિમ યાત્રા પૂર્ણ કરે છે અને જ્યાં માત્ર શોક અને શાંતિનું વાતાવરણ હોય છે, તે સ્મશાનગૃહ પણ હવે તસ્કરોથી સુરક્ષિત નથી રહ્યું. ઈસનપુર સ્મશાનગૃહમાંથી અસ્તિકુંભ, પવિત્ર જળ અને અન્ય ક્રિયાકાંડ માટે વપરાતા મોંઘા તાંબા, પીતળ અને સ્ટીલના સાધનો તેમજ વાસણોની રાતોરાત ચોરી થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ઈસનપુર પોલીસ એક્શનમાં આવી હતી. સ્મશાન જેવી સંવેદનશીલ જગ્યાએ થયેલી ચોરીને ગંભીરતાથી લઈને પોલીસે બાતમીદારો અને સર્વેલન્સના





આધારે ત્વરિત કામગીરી હાથ ધરી હતી. ટૂંક જ સમયમાં પોલીસે બે શાતિર આરોપીઓની ધરપકડ કરી લીધી છે: વનરાજ પરમાર, પંકજ ઠાકોર. પોલીસે આરોપીઓની કડક પૂછપરછ કરીને સ્મશાનમાંથી ચોરી કરેલો તાંબા-પીતળ અને સ્ટીલનો તમામ મુદ્દામાલ સફળતાપૂર્વક રિકવર કરી લીધો છે. પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે પકડાયેલા બંને આરોપીઓ કોઈ બિનઅનુભવી નથી, પરંતુ રીઢા ગુનેગારો છે. વનરાજ પરમાર અને પંકજ ઠાકોર અગાઉ પણ ઈસનપુર પોલીસ મથક વિસ્તારમાં અલગ-અલગ ગુનાઓમાં ત્રણ-ત્રણ વખત પકડાઈ ચૂક્યા છે. જેલની હવા ખાધા પછી પણ એમની દાનત સુધરી નહોતી અને આ વખતે તેમણે સ્મશાનને જ પોતાનો શિકાર બનાવી દીધું. પોલીસે હાલ બંને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, પરંતુ આ ઘટનાએ ખાખી અને જનતા બંનેને વિચારતા કરી મૂક્યા છે કે ચોરોની હિંમત કેટલી વધી ગઈ છે!

# હવે ગટર અને પાણીના કનેક્શન માટે AMCની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાનો વિકલ્પ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને વધુ એક ઓનલાઈન સુવિધા અપાઈ છે. હવે શહેરીજનો પાણી અને ડ્રેનેજ લાઈનના નવા જોડાણ માટે AMCની વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરી શકશે. 15 દિવસમાં 10 અરજીઓ મળતા આ સુવિધા કાયમી ધોરણે અમલમાં મુકાઈ છે. ભવિષ્યમાં ઓફલાઈન અરજીઓ બંધ કરવા પણ વિચારણા ચાલી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ દ્વારા મિલકત વેરો, જન્મ-મરણ અને લગ્નની નોંધણી, પ્લોટ બુકિંગ બાદ વધુ એક સુવિધા ઓનલાઈન ઉપલબ્ધ કરાવાઈ છે. હવે મ્યુનિસિપલની વેબસાઈટ પર અરજી કરી લોકો પાણી તેમજ ડ્રેનેજ લાઈનના જોડાણ પણ ઓનલાઈન મેળવી શકશે. બીજી બાજુ ભવિષ્યમાં ઓફલાઈન અરજીઓ લેવાનું બંધ કરવા અંગે પણ વિચારણા ચાલી રહી છે. અમદાવાદમાં હવે શહેરીજનો ડ્રેનેજ અને પાણીની લાઈનના નવા તેમજ વધારાના જોડાણ માટે



ઓનલાઈન અરજી કરી શકશે. મ્યુનિસિપલ દ્વારા 15 દિવસ અગાઉ વેબસાઈટ પર આ નવી સુવિધા પ્રાયોગિક ધોરણે શરૂ કરાઈ હતી. જેમાં પંદર દિવસમાં જ 10 અરજી આવી હોય લોકોનો સારો પ્રતિસાદ મળતા તેને કાયમ માટે અમલમાં મુકાઈ છે. અત્યાર સુધી નવા કનેક્શનના ફોર્મ ભરવા માટે લોકોએ ઝોનલ કચેરીએ જવું પડતું હતું. જો કે નવા જોડાણ માટે મિલકત માલિકીના, ઓળખના પુરાવા, બીયુ પરમિશન સાથે સ્થળનો નકશો વગેરે પુરાવા આપવા પડશે. તેમજ સોસાયટીઓએ આ સાથે એનઓસી, રોડ કટિંગ પરવાનગી અને પ્લમ્બર લાયસન્સ પણ રજૂ કરવા પડશે.

### ગુનાખોરી મુક્ત વિસ્તાર માટે આક્રમક અભિયાન

# અમદાવાદ પૂર્વમાં સેક્ટર-2 પોલીસની સિંહગર્જના : હથિયાર ડ્રાઇવમાં 250થી વધુ ઘાતક શસ્ત્રોનું સરેન્ડર

- **પોલીસની ડીજિટલ ટીમોએ સોશિયલ મીડિયા પર આક્રમક જાગૃતિ અભિયાન ચલાવીને ઘાતક હથિયારો રાખવાના ગંભીર કાયદાકીય પરિણામો અંગે ચેતવણી આપી હતી**



અમદાવાદ

અસામાજિક તત્વો અને શસ્ત્રોની જોહુકમી પર કાળજીપૂર્વકનો કાયદાકીય કોરડો વીંઝતા અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં સેક્ટર-૨ પોલીસ દ્વારા ઘાતક હથિયારો વિરુદ્ધ એક વિશાળ અને અત્યંત આક્રમક ખાસ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.

સેક્ટર-૨ હેઠળના તમામ અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સળંગ બે દિવસ સુધી ચાલવામાં આવેલી આ કાર્યવાહી માત્ર એક સામાન્ય ચેકિંગ ન હતી, પરંતુ કાયદાનો ભય અને વિશ્વાસનું વાતાવરણ ઊભું કરનારી પદ્ધતિસરની કામગીરી હતી. પોલીસ ટીમોએ બે અલગ-અલગ સ્તરે મોરચો સંભાળ્યો હતો:

પોલીસની ડીજિટલ ટીમોએ સોશિયલ મીડિયા પર આક્રમક જાગૃતિ અભિયાન ચલાવીને ઘાતક હથિયારો રાખવાના ગંભીર કાયદાકીય પરિણામો અંગે ચેતવણી આપી હતી. પોલીસ ટીમોએ માત્ર સ્ટેશન સુધી મર્યાદિત ન રહેતા વિસ્તારોની શેરીઓ, ગલીઓ અને મુખ્ય ચોકોમાં પબ્લિક એડ્રેસ સિસ્ટમ (PAS) મારફતે ગુંજતી જાહેરાતો કરી હતી. પોલીસ દ્વારા કડક શબ્દોમાં સ્પષ્ટ અપીલ કરવામાં આવી હતી કે કોઈપણ વ્યક્તિ પાસે જો ગેરકાયદેસર કે ઘાતક હથિયાર હોય, તો તેઓ સામેથી આવીને કાયદાકીય કાર્યવાહીથી બચવા માટે પોલીસ સમક્ષ સરેન્ડર કરી દે. પોલીસના આ કડક પરંતુ સરાહનીય વલણ અને સતત સમજાવટ બાદ સમગ્ર પૂર્વ વિસ્તારમાં ભારે હલચલ મચી ગઈ હતી. માત્ર બે જ દિવસના ટૂંકા ગાળામાં પોલીસની અપીલનો એવો પ્રભાવ પડ્યો કે ગુનાહિત માનસિકતા ધરાવતા અને હથિયારો રાખતા લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. પરિણામે, મોટી સંખ્યામાં લોકોએ સામેથી આવીને પોતાની પાસે રહેલા નાના-મોટા અને અત્યંત ઘાતક શસ્ત્રો પોલીસ સ્ટેશનોમાં સોંપી દીધા હતા.

### વટવામાં નાર્કોટિક્સ સ્કોડનો મોટો દરોડો

# ગ્રીન ચોક મોટી દરગાહ પાસેથી ગાંજાના જથ્થા સાથે એક વેપારી જેલહવાલે

અમદાવાદ

અમદાવાદ શહેરને નશાના દૂષણથી મુક્ત કરવા અને યુવાધનને બરબાદીના અંધકારમાંથી બચાવવા માટે પોલીસ કમિશનરશ્રી અરૂપમસિંહ ગેહલોત સાહેબ દ્વારા નાર્કોટિક્સ દ્રવ્યોની હેરાફેરી અને વેચાણ સામે સખત ઝુંબેશ ચલાવવાની કડક સૂચના આપવામાં આવી છે. આ સૂચનાના આધારે વટવા નાર્કોટિક્સ સ્કોડે એક સફળ કામગીરી કરીને વટવા ગ્રીન ચોક પાસે ખુલ્લા મેદાનમાંથી ગેરકાયદેસર રીતે ગાંજો વેચતા એક રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે.

અધિક પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૨ શ્રી જયપાલસિંહ રાઠોડ સાહેબ, નાયબ પોલીસ કમિશનરશ્રી મયુર પાટીલ સાહેબ (ઝોન-૮) તથા ઇ.મદદનીશ પોલીસ કમિશનરશ્રી વાય.એ.ગોહિલ સાહેબ ('એસ' ડિવિઝન)ના સીધા સુપરવિઝન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી. વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ.વછેટાના માર્ગદર્શન હેઠળ નાર્કોટિક્સ સ્કોડના પી.એસ.આઈ. વાય. એન.ગોહિલ તથા તેમની ટીમ



વટવા વિસ્તારમાં ગેરકાયદેસર માદક પદાર્થોનું વેચાણ કરતા શંકાસ્પદ ઈસમો પર સતત વોચ અને પેટ્રોલીંગમાં હતી. પેટ્રોલીંગ દરમિયાન પી.એસ.આઈ. વાય. એન.ગોહિલને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે, વટવા ગ્રીન ચોક પાસે આવેલી મોટી દરગાહ સામેના ખુલ્લા મેદાનમાં એક ઈસમ ગેરકાયદેસર રીતે વનસ્પતિજન્ય ગાંજાનું છૂટકમાં વેચાણ કરી રહ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI